Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૮ • તા. ૦૨ મે ૨૦૧૬ થી ૦૮ મે ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ આયોજીત ૭૬મા સમૂહ લગ્ન









બન્ને અહેવાલો સમાચાર વિભાગમાં

## શ્રી પરબ શક્તિ સંજીવની દ્વારા રાહત દરે અનાજ-મસાલા વિતરણ - વ્યવસાયી બહેનોને ફ્રી સ્ટોલ











KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

## આવાસ યોજના

મુંબઈ મહાજનશ્રીની હદમાં રહેતા, જરૂરતમંદ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો 'આવાસ યોજના'ના 'માહિતી પત્રક' ઉપરોક્ત સરનામેથી તા. ૧૬-૦૫-૨૦૧૬ થી તા. ૩૦-૦૬-૨૦૧૬ સુધી બપોરના ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી સાધારણ ખાતામાં રૂા. ૨૦/- (રૂપિયા વીસપૂરા) ભરી તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના ચાલુ વર્ષ (તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા. ૩૧-૦૩-૨૦૧૭)ના ભરેલા લાગાની રસીદની ફોટોકોપી આપી મેળવી શકશે.

પૂરેપૂરા ભરેલા 'માહિતી પત્રક', તેમાં જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજ / તેની ફોટોકોપી સાથે, તા. ૩૦-૦૭-૨૦૧૬ સુધી જ ઉપરોક્ત સરનામે સ્વીકારવામાં આવશે, જેની નોંધ લેશો.

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ**

# શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ

ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : 022-2513 3174 / 2510 0157
Website : www.kdoedu.in

### -: નવા એડમીશન ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત :-

૧૨ જુન ૨૦૧૬ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની ફ્રી સવલતો આપવમાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાંચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો લપલબ્ધ છે.

શાળા વિભાગ / કોલેજ વિભાગ : **અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૩૦ મે ૨૦૧૬**

**નોંધ : તા. ૩૦/૦૫/૨૦૧૬ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

**અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું રહેશે.**
**ગુરૂવાર થી મંગળવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન**
અરજીફોર્મ Website Add : **www.kdoedu.in** પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

| | | |
|---|---|---|
| શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ | તા. ૧૦/૦૬/૨૦૧૬ | સવારે ૧૦.૩૦ વાગેથી |
| કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ | તા. ૧૧/૦૬/૨૦૧૬ | સવારે ૧૦.૩૦ વાગેથી |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 18/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda, Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સમસ્ત મહાજનમાં ચૂંટાયેલાઓ કરશે શું અથવા તેમણે કરવાનું શું ?

સમસ્ત મહાજનની મહાસમિતિની રચના, ટ્રસ્ટ બોર્ડ - પદાધિકારીઓની જાહેરાત બાબતની અનિશ્ચિતતા વચ્ચે જ્ઞાતિજનોની વાતચીતમાં સંભળાઈ રહ્યું છે સમસ્ત મહાજનમાં ચૂંટાયેલાઓ કરશે શું? તેવી જ રીતે સમસ્ત મહાજનની મહાસમિતિમાં કમ સે કમ મુંબઈમાં મહિલાઓ સહિત ઘણા નવા ચહેરા દેખાવાના છે એ બધા આપસમાં પૂછી રહ્યા છે કે તેમણે સમસ્તની મહાસમિતિના સભ્ય રૂપે કે ટ્રસ્ટી તરીકે ચૂંટાયા પછી કરવાનું છે શું?

અગાઉના અનુભવને યાદ કરીએ તો કહી શકીએ કે મહાસિમિતિમાં ચૂંટાયેલાઓએ પોતાની મુદતની શરૂઆતમાં ટ્રસ્ટીઓ ચૂંટવાના છે અને તે પછી પાંચ વર્ષ સુધી દર વર્ષે એકાદ વખત મહાસમિતિની સભા મળે ત્યારે તેમાં અનુકૂળતા હોય તો હાજર રહેવાનું છે. આ સભામાં મુખ્યત્વે ટ્રસ્ટ બોર્ડમાં ઊભા થયેલા જૂથોના નેતાઓ મહાસમિતિના બહુમતિ સભ્યોને ન સમજાય તે વાદ કરાવાના મુદ્દા પ્રસ્તુત કરતા રહે છે. તેમાં પોતે કોઈ જૂથના હોય તો નેતાને ટેકો આપવા બોલવાનું અન્યથા બધું એક કાનેથી સાંભળી બીજાથી કાઢી નાખવાનું!

ટ્રસ્ટબોર્ડમાં પણ સામાન્યતા એવી જ સ્થિતિ હોય છે. પદાધિકારીઓ પોતે શું કરવાના છે કે કરી રહ્યા છે કે કરી ચૂક્યા છે તેની રજૂઆત કરે ત્યારે તેમાં ટ્રસ્ટીઓએ પોતાની સમજ પ્રમાણે કાં તો તેની પ્રશંસા કરવાની કે ટીકા કરવાની હોય છે. એ ન કરવું હોય તો 'સબ સે બડી ચૂપ'ની નીતિ અપનાવી શકાય છે.

અલબત્ત આ વાત ઠીક નથી. સમસ્ત મહાજનના સભ્યોએ હકિકતમાં સહિયારું ચિંતન કરી એવા પગલાં લેવાના છે જેનાથી ભૂતકાળની સિદ્ધિઓ આજે પણ પ્રસ્તુત રહે, વર્તમાનના પડકારો ઝીલી શકાય, ભવિષ્યકાળની આગોતરી ઝલક મેળવી અગ્રતાઓ નક્કી કરી શકાય અને જીવન ભવિષ્યમાં પણ વધુ સાનુકૂળતાભર્યું અને ભર્યું ભર્યું રહે તે માટેનું આયોજન થઈ શકે. સ્થળોના અંતરને કારણે જુદા પડેલા સમુદાયના સભ્યો એકસૂત્રે બંધાયેલા રહે, એક સરખા રીતિ રિવાજ પાળે, યુવા પેઢીને એવી તાલીમ મળે જેથી તેઓ રોજગાર માંગનાર નહીં આપનાર કે સ્વયં રોજગાર કરનાર રહે, સમુદાયના સભ્યોમાં એવી ભાવના રહે જેથી સમુદાયની કોઈપણ વ્યક્તિ માનવગરિમાની સર્વમાન્ય સપાટીથી નીચે ન જાય. એટલે કે તેમની સહિયારી જવાબદારી સ્વીકારી શકાય તેવું કલ્યાણ માળખું રચાય.

આ બધી વાતો કરવાંની શરૂઆત જોકે પદાધિકારીઓ સતત એકબીજા સાથે સંકળાયેલા રહેવાથી, ટ્રસ્ટીઓ પણ કમ સે કમ મહિનામાં નહીં તો બે મહિને મળે જ મળે એવી વ્યવસ્થા કરવાથી તેમજ મહાસમિતિ બંધારણીય આવશ્યકતા પ્રમાણે વર્ષમાં એક વખત નહીં પણ કમ સે કમ બે વખત મળે એવી વ્યવસ્થા કરવાથી કરવાનો છે.

આ માટે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ની અનુકૂળ તારીખો છે ૧૪ મી અને ૧૫ ઓગસ્ટ ૨૦૧૬ના રવિવાર-સોમવાર, ૧૬મી અને ૧૭મી માર્ચ ૨૦૧૭ના રવિવાર-સોમવાર હોળી-ધુળેટીના દિવસ, ૧લી અને ૨જી ઑક્ટોબર ગાંધી જયંતીના રવિવાર-સોમવારના દિવસ તથા ૪થી અને ૫મી નવેમ્બર ૨૦૧૭ના શનિવાર-રવિવાર કાર્તિકી પૂર્ણિમા, ગુરુનાનક જયંતિ અને તે પછીનો દિવસ.

આ અનુકૂળ તારીખોનો ઉપયોગ કરીને ૧૪-૧૫ ઑગસ્ટ ૨૦૧૬ના મહાસમિતિની, હોળી ફાગણી પુનમના ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિ તેમજ ૨જી ઑક્ટોબરના જ્ઞાતિના બધા આગેવાનોની તથા કાર્તિકી પૂર્ણિમાના મહાસમિતિ સાથે સંમેલનનું આયોજન કરી શકાય તો સહિયારું ચિંતન કરી જ્ઞાતિને પ્રગતિને પંથે લઈ જવાના ઘણા નક્કર પગલાં લઈ શકાય.

૧૪-૧૫ ઑગસ્ટ ૨૦૧૬ની અનુકૂળતા વખતે મળનાર મહાસમિતિની બેઠકે સૌથી પ્રથમ તો સમગ્ર પરિસ્થિતિનો કયાસ કાઢવાનો રહેશે. સૌથી પ્રથમ તો ગઈ મુદતની એક વર્ષ લંબાવાયેલી ૨૦૧૦-૨૦૧૫ (૨૦૧૬)ની મહાસમિતિ, ટ્રસ્ટ બોર્ડ, પદાધિકારીઓએ પોતાના કાર્યકાળમાં શું કરેલું તેની જાણકારી મેળવવાની છે.

આ મુદતમાં સમસ્ત દ્વારા મુખ્યત્વે બે નક્કર કામ કરવામાં આવ્યા. એક તો દર વર્ષે કેલેન્ડરનું પ્રકાશન કરી જ્ઞાતિના દરેક ઘરે પહોંચાડયું. તથા દાતાની સહાયથી આખી જ્ઞાતિને એક્સીડંટ વીમાના છત્ર હેઠળ આવરી લેવાઈ.

જ્ઞાતિના જ્ઞાતિ-રિવાજોમાં કોઈ ફેરફાર જરૂરી છે કે નહીં તેની વિચારણા કરવા એક સત્ર યોજ્યું. તેમાં વનાડો અને વડી રજા જેવા કાલગ્રસ્ત રિવાજ ન પાળવા જ્ઞાતિજનોને સમજાવવા, વડી રજાને બદલે વરપક્ષ અને કન્યા પક્ષ લગ્નનો અડધો-અડધો ખર્ચ ભોગવે તેવી પ્રથા શરૂ કરાવવી, અન્ય નાતમાં પરણેલી દીકરીઓને જ્ઞાતિના સમાજીવનમાં ભેળવવી, તેમના સંતાનો ક.દ.ઓ. જ્ઞાતિમાં પરણે તેને ઉત્તેજન આપવું જેથી તેમને જ્ઞાતિ સાથે નિકટનો સંબંધ રહેવા સાથે સગપણ સમસ્યા ઓછી થાય, વ્યક્તિગત પ્રાર્થના સભાને સ્થાને દર અઠવાડિયે અરિહંત શરણ પામેલાની સદ્ગતિમાટે સામૂહિક અંતરાય કર્મ નિવારણ પુજા, દર પંદર દિવસે શોકમુક્તિ માટે સામૂહિક પાર્શ્વ કલ્યાણક પુજા તથા દર મહિને સામૂહિક પ્રાર્થના સભા રાખવી તેમજ સમૂહલગ્ન-પરિચય મિલન યોજવા જેવા સૂચનો થયા, સાથે જ્ઞાતિરિવાજ સમિતિ રચવી એવો અનુરોધ થયો પણ તે વખતના અગ્રણીઓની સમજ પ્રમાણે ટ્રસ્ટબોર્ડ યથાયોગ્ય કરશે એવું આશ્વાસન આપાયું પણ હજુકાંઈ થયું નથી. એ બાબત શું કરવાનું તે નવી મહાસમિતિએ નક્કી કરવાનું રહેશે.

તેવી જ રીતે શૈક્ષણિકે સહાય અને મેડીકલ સહાય બાબત વનવીંડો સીસ્ટમ અપનાવી યોગ્ય રહેશે કે કેમ તેવી ચર્ચા થઈ.

શૈક્ષણિક સહાય બાબતે સક્રિય આગોવાનોએ માહિતી આપી કે અત્યારે જે પદ્ધતિ છે તે એક અર્થમાં વનવીંડો સીસ્ટમ જેવી જ છે. એ પછી એ વાત અધ્ધર મુકાઈ. વાસ્તવમાં જ્ઞાતિએ છેક ૧૯૦૫થી જે જે પરિવારો પોતાના સંતાનોને યોગ્ય રીતે ઉછેરી - કેળવી ન શકતા હોય તેની લગભગ લગભગ જવાબદારી લેવાનું નક્કી કર્યુ છે અને તે સંબંધે ૧૯૬૦થી તેમ કરી પણ રહેલ છે. આ માટે મુંબઈમાં વીરજી લધાભાઈ છાત્રાલય અને લક્ષ્મીબેન વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય ઉપરાંત ધુલીયામાં બોર્ડિંગ અને સ્કૂલ છે. વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહને તાજેતરમાં નવું રૂપ અપાયું છે પણ તેના નિભાવની અને તેને માટે કાર્યસાધક વિદ્યાર્થીસંખ્યા મેળવવાના પ્રશ્નો ઉકેલવાના છે. એ માટે જ્ઞાતિ પાસે રૂા. ૫૦ કરોડના ફંડની પહેલ કરવામાં આવી છે પણ તેને મોળો પ્રતિભાવ મળ્યો છે એ બાબત વિચારવાની છે. વધુમાં અત્યારે શૈક્ષણિક સહાય માટે રૂા. ૫૦,૦૦૦ની ઉચ્ચતમ મર્યાદા છે તથા માત્ર હોંશિયાર વિદ્યાર્થીઓને જ અગ્રતા આપવામાં આવે છે. ભણતરમાં નબળા વિદ્યાર્થીઓના ભવિષ્યનું શું ? એ બાબત વિચારણા કરી મહાસમિતિએ ટ્રસ્ટબોર્ડ અને પદાધિકારીઓને યથાયોગ્ય વ્યવસ્થા કરવાની છે.

તેવી જ રીતે મેડિકલની ચર્ચા વખતે આ બાબત વિકેન્દ્રીત વ્યવસ્થા જ સારી રહેશે તેવો સૂર હતો પણ સમસ્ત પાસે કોઈપણ કુટુંબને માંદગી સંબંધી ઈમરજન્સી આવે તો તે માટે દરેક મહાજનના કોઈ એકાદ-બે આગેવાન પાસે તેમને સહાયરૂપ થવા દરેક કેસ દીઠ રૂા. ૨૫,૦૦૦ જેટલી રકમ હોય તેવી ગોઠવણ કરવાની અપેક્ષા સમસ્ત મહાજન પાસેથી રાખવામાં આવેલી. આ બાબત વિચારણા આગળ વધારવાની છે.

આગલી મહાસમિતિની મુદતમાં જ્ઞાતિસ્તરે કોઈ મોટી ઘટના બની હોય તો તે છે અનંતનાથજી ટ્રસ્ટની મિલકત અનંતછાયાનું વેચાણ. ટ્રસ્ટીઓના વેચાણના નિર્ણય સામે બે જ્ઞાતિ પત્રકારોએ વાંધો ઉઠાવેલો. એ પછી ટ્રસ્ટીઓએ સમસ્ત મહાજનને આ બાબત વિરોધ કરનારાઓને સમજાવવા અનુરોધ કર્યો હતો પણ સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડને ચર્ચા વિચારણા કરતાં એવું લાગેલું કે આ બાબત જ્ઞાતિઆગેવાનોના મંતવ્ય


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

મેળવીને જ કાંઈ કરવું જોઈએ.

બહુમતિ જ્ઞાતિજનોનો અભિપ્રાય વેચાણનો વિરોધી જણાતા અને કોઈને વેચાણ કિંમત ખૂબજ ઓછી જણાતા સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને વેચાણ રોકવા તથા ભાવિસંભાવનાઓ જોતાં તેની યોગ્ય વેચાણ કિંમત રૂા. ૮૦ થી રૂા. ૧૦૦ કરોડની ગણાય એ બાબત પત્ર લખેલો.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી લવાદની ભૂમિકા ભજવવાનો આગ્રહ કરાયો હોવાથી ત્યારના ટ્રસ્ટબોર્ડે પણ પોતાના મંતવ્ય અંગે લખી વાતને માંડી વાળવાનો નિર્ણય કરેલો.

જોકે એ કેસ મે ૨૦૧૫ થી ચેરીટી કમીશ્નર સમક્ષ નેવસરથી ચાલુ થયો છે. અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓના પક્ષકાર તરીકે રજૂઆત કર્યા વિના ચેરીટી કમીશ્નરના ચૂકાદાને માન્ય રાખવાના વલણ સામે બે જ્ઞાતિ પત્રકારોએ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને મુંબઈ મહાજનની સર્વસાધારણ સભાનું માર્ગદર્શન મેળવી કામ કરવાનો અનુરોધ કર્યો છે. એવી પૂરી સંભાવના છે કે એ પત્રકારો સમસ્ત મહાજનને પણ સક્રિય બનાવવા ઈચ્છશે. એ સંજોગોમાં મહાસમિતિની સમક્ષ આ પ્રશ્ન આવશે અને તેણે યથાયોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

ગત મુદતની મહાસમિતિની છેલ્લી સભામાં ત્રણ પ્રવાહ હતા. મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ નયન ભેદાએ પોતાના ગ્રુપ વતી કહેલું કે જ્યાં સુધી સારૂં એવું ભંડોળ ઊભું ન થાય ત્યાં સુધી મોટી મોટી વાતો કરવાનો કોઈ અર્થ નથી. તેમણે સમસ્તને રાષ્ટ્રીય સ્તરે મોટા કામ કરવાના છે એટલે કરોડ કરોડના દાન આપનાર દાનવીરોની યાદી બનાવી તેમની પાસેથી મેળવવાને માતબર ભંડોળ અગ્રતા આપવાનું સૂચન કરેલું. એ બાબત હવે નવી મહાસમિતિએ આગળ વધારવાની રહેશે. સમસ્તમાં પ્રારંભથી સક્રિય લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો), રમેશ મોતા તથા ભરત છેડાએ નક્કર કાર્યક્રમ ઘડવા પર ભાર મૂકેલો અને તે વગર સંમેલન ન બોલાવાય એવો આગ્રહ રાખેલો.

તેમણે પોતે તો કોઈ કાર્યક્રમ સૂચવ્યો હોય એ ધ્યાનમાં નથી પણ ગ્લોબલ સમિટના દૃષ્ટા એ જ્ઞાતિની ભાવિ પેઢી રોજગાર માંગનાર નહીં પણ આપનાર બને કે સ્વયં રોજગાર કરે તે માટે કિશોર વયથી તેમની કારકિર્દી ઘડવામાં સમાજે સક્રિય ભૂમિકા ભજવવાની હોય એ વાત સ્વીકારવાનો જ્ઞાતિનો અનુરોધ કર્યો છે.

તેમણે બધા જ્ઞાતિજનો આજીવિકાની દૃષ્ટિએ કોઈ શ્રેષ્ઠ તક મેળવે એ બાબત પણ સમાજે ભૂમિકા ભજવવી જોઈએ એવો આગ્રહ કર્યો છે. તેમણે વધુમાં નવા ક્ષેત્રમાં વ્યવસાયિક પહેલ સ્ટાર્ટઅપ કરનારાઓને ભંડોળ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવા પણ સમાજને આગ્રહ કરેલ છે.

તેવી જ રીતે પ્રકાશ સમીક્ષાના તંત્રીએ મસ્જિદ બંદરની જ્ઞાતિ મિલકતો ત્યાં જ્ઞાતિજનો રહેવાના હોય તો જરૂર પડે ભંડોળ એકઠું કરી તે માટે વિકસાવવા અથવા તો અનંતનાથ જિનાલયને કચ્છમાંના કોઈ જિનાલયની જેમ શ્રધ્ધા અને પ્રતિષ્ઠાનો પ્રશ્ન જાણી તેની યથાયોગ્ય વ્યવસ્થા કરવાનો અનુરોધ કર્યો છે.

આ બધા સૂચનો અંગે સમસ્ત મહાજનની નવી મહાસમિતિએ યથાયોગ્ય વિચારણા કરી ટ્રસ્ટ બોર્ડ અને પદાધિકારીઓને માર્ગદર્શન આપવાનું છે.

છેલ્લી મહાસમિતિના પછીની ટ્રસ્ટબોર્ડના નિર્ણય પ્રમાણે બાકી રહેલા ઠરાવોનું પાલન કરાવવાનું સંમેલનના સક્રિય થવાનું છે.

વધુમાં શાંતિજિન જાગૃતિ ગ્રુપને જ્ઞાતિની સગપણ સમસ્યા હળવી કરવા લોનાવાલા-મહારાષ્ટ્રના અનાથાશ્રમની કન્યાઓના વાલી થઈ તેમને જ્ઞાતિમાં પરણાવી છે. જ્ઞાતિજનો કન્યા વિક્રય પદ્ધતિથી વહુ લાવે તે કરતાં અનેક ગણી સારી આ પદ્ધતિ અંગે સૌધ્ધાંતિક વિચારણા કરવા સાથે ગુજરાત-કચ્છના કોઈ અનાથાશ્રમ સાથે આવી કાયમી ગોઠવણ થઈ શકે ખરી એ બાબત પણ સમસ્તની મહાસમિતિએ વિચારણા કરવાની રહેશે.

સમાપન કરતાં એવું કહેવાનું યોગ્ય લાગે છે કે સમસ્ત મહાજનની ગત મહાસમિતિ - ટ્રસ્ટબોર્ડ - પદાધિકારીઓએ પ્રથમ બે વર્ષ તથાકથિત અંદાજ મેળવવામાં ખર્ચ્યાં. તે સિવાય ઘણી વાતો કરી પણ પોતાની અગ્રતા શું છે એ નક્કી કર્યા વગર ઘણી દિશામાં પ્રયત્નો કર્યા અને કંઈ ન પામ્યા. માછલીઘરમાંની માછલીની જેમ પોતાને આપવામાં આવેલ જળક્ષેત્રમાં જ છબછબીયા કરતા રહ્યા.

આ વખતની મહાસમિતિ - ટ્રસ્ટબોર્ડ - પદાધિકારીએ તેમની અર્થહિન સક્રિયતાની ફલશ્રુતિ શું આવી એ બાબત સતર્ક રહી અગ્રણતાઓ નક્કી કરી કામ કરવાનું છે. બાકી એક ક્રાંતિકારી કવિએ કહ્યું છે - આસમાન મેં ભી છેદ હો શકતા હૈ, એક પથ્થર તો દિલસે ઉછાલો યારો !

Laxmichand L. Poladia
લ. લા. પો. (LIC Agent)
099300 08339
075672 07479

Vipul L. Poladia
098330 60660
098691 67172

LA.LAA.PO. & VIPUL
ESTATE AGENCY
Dealing in around Mulund all kinds of
Residental & Commercial Properties

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ



પ્રમુખશ્રીની કલમે...

પ્રિય જ્ઞાતિજનો,

પ્રણામ, જય જિનેન્દ્ર....તા. ૧લી એપ્રિલ ૨૦૧૫ ના પદભાર સંભાળ્યાનું એક વર્ષ પુરું કરી બીજા વર્ષમાં પ્રવેશ કર્યો...

રવિવાર, તા. ૧૯-૪-૧૫ ના રોજ અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામી મહાપૂજનનું શ્રી અનંતનાથજી દેરાસરજી-મસ્જિદબંદરમાં આયોજીત સમગ્ર જ્ઞાતિ માટે આશીર્વાદ મેળવી અમારી ટીમે સુચારૂ રૂપે સુકાન સંભાળી લીધું અને મૂક રીતે કાર્ય કરતાં કરતાં પૂર્ણ થયેલ વર્ષ દરમ્યાન થયેલ કાર્યોની આપને ઝાંખી આપીએ છીએ.

વર્ષની શરૂઆતમાં જ મુમુક્ષુ કુ. હેતલબેનના સંયમગ્રહણ ઉત્સવ નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ તા. ૨૦-૪-૧૫ થી તા. ૨૪-૪-૧૫ સુધી આયોજેલ. દીક્ષા મહોત્સવનું આયોજન કરવાનો લાભ આપણી જ્ઞાતિને ૨૬ વર્ષ પછી મળેલ જે પ.પૂ. ગુરુભગવંતો અને પ.પૂ. યતિવર્યશ્રીની નિશ્રા તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ તથા શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-સાંધવના સંગાથે ઉમંગ અને ઉલ્લાસપૂર્વક સંપન્ન થયેલ.

બે સમૂહ લગ્ન, જેમાં ૭૪મો ભાંડુપ મધ્યે (૭ નવદંપતિ) તા. ૨-૫-૧૫ અને ૭૫મો સમૂહ લગ્ન ખૂબ જ આગવી રીતે ડોંબીવલી મધ્યે (૩ નવદંપતિ) તા. ૨૦-૧૨-૧૫ ના યોજાયેલ.

વિતેલા વર્ષ દરમ્યાન સગપણ સંમેલન (પરિચય મિલન) નો ભવ્ય, અનોખો કાર્યક્રમ ક્રિષ્ણા રીસોર્ટ મધ્યે તા. ૨૫-૧૦-૧૫ ના સંપન્ન થયેલ, જેમાં લગભગ ૧૬૦ ઉમેદવારો એક જ જગ્યાએ એકત્ર થયેલ. અંદાજીત ૫૨૫ જ્ઞાતિજનોએ હાજરી આપેલ.

આપણા માતુશ્રી કુંવરબાઈ નાથા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ હંમેશ મુજબ ધમધમાટ ચાલે છે. વર્ષાન્તે અંદાજ રૂા. ૧૦ લાખની ચોખ્ખી પૂરાંત જમા થયેલ છે. પર્યુષણ બાદ ૨૯૮ તપસ્વીઓનું બહુમાન, ભવ્યાતિભવ્ય કાર્યક્રમ ૧૭૦૦ થી વધુ જ્ઞાતિજનોની હાજરીમાં કાલિદાસ નાટયગૃહ, મુલુંડમાં પ.પૂ. સાધ્વીજી ભગવંતો તથા પ.પૂ. યતિવર્યશ્રીની નિશ્રામાં યોજેલ. જેમાં જ્ઞાતિના દાતાઓએ અમારામાં પૂર્ણ વિશ્વાસ મૂકી દાનની ગંગા વહેડાવી. સર્વે દાતાશ્રીઓની ખૂબ ખૂબ અનુમોદના.

કચ્છ યુવક સંઘના સથવારે તા. ૨૮-૮-૧૫ ના મુલુંડ કાલિદાસ સભાગૃહ મધ્યે સામાજીક કચ્છી નાટક 'હલે ત ગડો, નકાં ભર લડો' તથા તા. ૬-૧૦-૧૫ ના ડોંબીવલી ખાતે જ્ઞાતિજનોને વિના મુલ્યે આયોજન કરવામાં આવ્યું.

ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાંડુપ, મસ્જીદબંદર અને ઘાટકોપરના સ્થાનિકના સંઘોના સથવારે ધ્વજા મહોત્સવ તથા પર્યુષણ પર્વની આરાધના ભવ્ય રીતે ઉજવવામાં આવી. મુંબઈ મહાજનશ્રી તરફથી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના ૮૪માં જન્મદિવસ નિમિત્તે દર્શન-વંદનનો લાભ લેવા તા. ૨૫-૯-૧૫ થી તા. ૨૮-૯-૧૫ સુધી ચૈત્યપરિપાટી-સિદ્ધાચલ યાત્રાનું આયોજન કરેલ. તે ઉપરાંત શત્રુંજય-પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના સુવર્ણ (૫૦મા) વર્ષીતપ શુભારંભ પ્રસંગે તા. ૩૦-૩૧ માર્ચ તા. ૧ એપ્રિલ ૨૦૧૬ ના રોજ આયોજીત ત્રિદિવસીય જિનભક્તિ

ઐતિહાસિક મહોત્સવમાં ભાગ લેવા સ્પેશ્યલ ટ્રેનમાં બે બોગીના લાભાર્થી થવાનો લાભ મુંબઈ મહાજનશ્રીએ લીધેલ.

આજની મોંઘવારીના જમાનામાં મધ્યમ વર્ગ માટે રાહતરૂપ એવા નિઃશુલ્ક ૩ (ત્રણ) મેડીકલ કેમ્પ યોજેલ જે ખૂબ જ સફળ રહ્યા.

સમાજના ઘડતરમાં મહિલાઓનું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંભવતઃ સમાજમાં પ્રથમવાર મુંબઈ મહાજનશ્રી દ્વારા આપણા સમાજની વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરવા 'નારી તું નારાયણી' કાર્યક્રમ તા. ૧૩-૩-૨૦૧૬ ના ભાંડુપ મધ્યે યોજેલ. જેનું સંચાલન મહાજનશ્રીની નારી સમિતિ દ્વારા જ કરવામાં આવેલ. જેમાં ભારતભરથી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

એજ દિવસે રાતના આપણા સમાજની વિશિષ્ટ કલા પખાવાજની પ્રતિયોગીતા રાખેલ. જેમાં મુંબઈ અને બહારગામના આગેવાન મંડળોએ ભાગ લઈ પોતાની કલાનું રસપાન કરાવેલ. જેનું સુચારુ સંચાલન ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ દ્વારા કરવામાં આવેલ.

શિક્ષણક્ષેત્રે પણ એપ્ટીટ્યુડ ટેસ્ટનું રવિવાર, તા. ૧૭-૫-૨૦૧૫ ના મુલુંડની શેઠશ્રી મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળામાં આયોજન કરેલ. જેમાં ૧૧૯ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ લાભ લીધેલ. એપ્ટીટ્યુડ ટેસ્ટનું ફરી શનિવાર, તા. ૨૬-૧૨-૧૫ ના સવારના શેઠશ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઘાટકોપર (પૂર્વ) માં આયોજન કરેલ અને તે જ સ્થળે તેજ દિવસે બપોરના વિદ્યાર્થી સંઘના સથવારે 'સ્કોરમંત્ર' નામે 'એજ્યુકેશન મોટીવેશન' ના કાર્યક્રમનું આયોજન કરેલ.

સૌથી મોટો પડકરાર તો ઐરોલી (નવી મુંબઈ) સ્થિત મહાજનવાડીનું બાંધકામ પૂર્ણ કરવાનું છે. ઓ.સી. મેળવવાની પળોજણ, મર્યાદા કરતાં લાગેલ ઘણો જ વધારે સમય, પ્લાનમાં કરેલ ફેરફાર અને એવા બીજા અન્ય કારણોસર વાડીની ફાઈલ સરકારી કાયદાઓની આંટીઘૂંટીમાં અટવાઈ ગઈ હતી. એ તો ઉદારદિલ ભૂમિદાતા અને નામી બિલ્ડર શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ મહાજનના વહારે આવ્યા અને પોતાની ઓળખાણ અને વગ વાપરી ઓ.સી. મેળવવામાં સહાયરૂપ થયા. એમની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે.

આપણે સહુ જ્ઞાતિજનોએ શ્રી ભૂપેન્દ્રભાઈની નિઃસ્વાર્થ સેવાની નોંધ લેવી જ રહી. આ વાડીની કલ્પના પણ એમની જ. સરકારી જમીન મેળવી આપવાની જહેમત પણ એમની જ. ભૂમિદાતા બન્યા, સિડકોમાં પ્લાન પાસ કરાવી આપ્યા. બાંધકામમાં જાતે રસ લઈ સલાહ સૂચનો આપતા રહ્યા.

શ્રી અનંતનાથ દાદાને આપણે પ્રાર્થના કરીએ કે એમની પરમકૃપા શ્રી ભૂપેન્દ્રભાઈ અને એમના પરિવાર ઉપર સદાય વરસતી રાખે અને તેઓશ્રી એકથી એક ચડીયાતા સમાજ સેવાના સત્કાર્યો કરતા રહે.

વાડીને ઓસી મળી જવાથી કામ પુરું નથી થયું, પણ ખરું કામ તો હવે શરૂ થશે. વાડીનું ઈન્ટીરીયરનું કામ બાકી છે. ઈલેક્ટ્રીક ગેસ તથા પાણીના કનેકશન લેવાની પ્રક્રિયાઓ કરવાની છે. હવે વધુ સમય વેડફાય એ પાલવે એમ નથી. આ માટે આપણે સહુ કટિબદ્ધ થઈએ. હવે વિના વિઘ્ને બાકીના કામો પૂરા કરવા પૈસા જરૂર પડશે, જે માટે દાતાશ્રીઓનો સાથ સહકાર મળવો અવિનાર્ય છે.

મારી ટીમ વતી સમગ્ર જ્ઞાતિને બાંહેધરી આપું છું કે અમે જ્ઞાતિ માટે મળેલ અનુદાનનું સંચાલન યોગ્ય રીતે કરીશું અને જ્ઞાતિના ઉત્થાન માટે તન, મન, ધનથી કાર્ય કરવામાં આપના સહકારની અપેક્ષા સહ...

સમગ્ર વર્ષ દરમ્યાન મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિ દ્વારા કોઈનું પણ મન દુભાયું હોય અથવા કોઈપણ કાર્યક્રમમાં ક્ષતિ રહી ગઈ હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના...

### બોલીએ માતૃભાષા

ઘણા સમયથી એવું જણાયું છે કે આપણા કુટુંબો જ્યારે મળે છે, ત્યારે આપણી પોતાની માતૃભાષા કચ્છી ભાષાનો ઉપયોગ નથી કરતા પણ ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં બોલચાલ કરે છે. પારકી ભાષામાં વાતચીત સાંભળી અડવું લાગે છે. અજુગતું જણાય છે.




મરાઠી કે દક્ષિણ ભારતીય મિત્રો કોઈની પણ શેહ રાખ્યા વગર, સંકોચ વિના મુક્ત મને એકબીજા સાથે પોતાની માતૃભાષામાં વાતચીત કરે છે. એમની ભાષા બહુજ શુધ્ધ અને સ્પષ્ટ હોય છે.

આપણે જ્યારે કુટુંબમાં મિત્રો સાથે કે ઓળખીતા, પરિચિત લોકો સાથે આપણી સ્વકીય ભાષા કચ્છી ભાષામાં વાતો કરીએ છીએ ત્યારે સરળતાથી સુગમતાથી વાતચીત સમજાઈ જાય છે. આપણી કચ્છી ભાષામાં મીઠાશ, નમ્રતા અને સાદગી છે.

બીજું એ કે માતૃભાષામાં સમજાવવામાં સુગમતા અને હળવાશ રહે છે. આત્મીયતા કે પોતાપણુ કે સ્વજન આપણા જ છે એવો એક આનંદભર્યો વિચાર આવે છે. ખુશીયુક્ત ઉદ્‌ગાર માતૃભાષાની વિશિષ્ટતા છે. આપણે સહુએ શુધ્ધ કચ્છી ભાષામાં જ વાતચીત કરવાની કોશિશ કરવી જોઈએ.

ક્યારેક ફટાફટ અંગ્રેજી ભાષા બોલનાર પણ વ્યાકરણની ભૂલ કરતા હોય છે. જ્યારે પોતીકી-પોતાની જ ભાષા કચ્છી વ્યવહાર અને રોજબરોજના કાર્ય માટે સરળતાનો અનુભવ કરાવે છે. સુગમતા, સરળતા અને વિશુધ્ધતા માતૃભાષાની વિશિષ્ટતા છે.

ઉછરતું-કુદતું બાળક નાનપણ થીજ પોતાની માતૃભાષામાં જ પોતાને વ્યક્ત કરે છે. શાંતિ, પ્રેમ અને સદ્‌ભાવ પોતાની માતૃભાષા જ વ્યક્ત થાય છે અને તેમાનવીય મહત્તા દર્શાવે છે.

માટે માતૃભાષા મહત્ત્વની ભાષા છે.

**- ઉદય લાલજી શાહ**

### સમૂહ લગ્ન માટેની જગા જોડીઓની સંખ્યાને અનુરૂપ હોવી જોઈએ.

સમૂહ લગ્નએ જ્ઞાતિના સામાન્ય પરિવારો માટે ખૂબજ મહત્વની અને મોટા ખર્ચમાંથી બચાવતી વ્યવસ્થા છે. કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ ત્રીસથી વધુ વર્ષોથી વ્યવસ્થિત રીતે સમૂહ લગ્નોનું આયોજન કરતી આવી છે. પણ લાગે છે કે એ દશાઈ ગરિમાના હવે માત્ર શબ્દોમાં રહી ગઈ છે. વાસ્તવમાં જ્ઞાતિના સામાન્ય લોકો તો બિચારા શું બોલશે એમ ધારી આગેવાની બેદરકાર બનતા ગયા છે.

મુંબઈ ભાંડુપની અનંત સિધ્ધિમાં બે લગ્ન વ્યવસ્થિત રીતે થાય ત્રણ હોય તો સંકળાશ થાય એવામાં હમણાં પાંચ પાંચ લગ્નોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરી પાસે બેસવા આપવા માટે પાસો રાખેલી હતી. જેમની પાસે પાસ હોય તેજ લગ્ન માણે બાકીનાઓએ જ્યાં ત્યાં પોતાની વ્યવસ્થા કરી લેવાની એવી એકદંર સ્થિતિ હતી. એ બાબત હૈયે એટલો રોષ છે કે ન પૂછો વાત પણ એ બાબત ન બોલવામાં નવ

|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ||　　　|| શ્રી જ્વાલામાલીની નમઃ ||

**પર્યુષણ પર્વ પ્રારંભ : મંગળવાર તા. ૩૦-૮-૨૦૧૬ • સમાપન : મંગળવાર તા. ૭-૯-૨૦૧૬**

**શ્રી લાલા ગામના સર્વે ભાઈઓ, બહેનો તથા નિયાણી બહેનો પરિવાર જોગ....**

## શ્રી લાલા તીર્થે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના માટે ટ્રસ્ટ મંડળ વતી સ્નેહભર્યું આમંત્રણ...

પર્યુષણ પર્વમાં રહેવાની-ઉતારાની-ભોજનની વ્યવસ્થા (તા. ૨૯-૮-૧૬ સાંજ થી તા. ૮-૯-૧૬ બપોરે સુધી) મહાજન શ્રી દ્વારા કરવામાં આવશે. આપના આગમનની જાણ કરશો, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા થાય.

**મહાપર્વ દરમ્યાન લાલા તીર્થે નીચે આંતર્ગત નકરાઓનો લાભ લેવા ભાગ્યશાળીઓને નમ્ર વિનંતી.**

એકથી વધુ નકરા લેવામાં આવશે...

**સાધર્મિક ભક્તિ - સાધારણ ફંડ**

| | | |
|---|---|---|
| નવકારશી..............રૂા. ૨૫૦૦/- | મધ્યાહન ભોજન.......રૂા. ૫૦૦૦/- | એક દિવસની સાધર્મિક ભક્તિ |
| બપોરની ચા-કોફી.... રૂા. ૧,૦૦૦/- | ચૌવિહાર...............રૂા. ૩,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |

**સંપર્ક : ૦૯૩૨૨૮૯૭૩૪૨, ૯૩૨૨૧૨૬૬૦૨, ૯૦૮૭૦૦૮૭૦૦**

**લિ. : શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ**

પ્રમુખશ્રી : શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા　　ઉપપ્રમુખ : શ્રી નવીનભાઈ હીરજી દંડ (શાહ)

**નોંધ :** આગામી જનરલ મીટીંગ ટૂંક સમયમાં બોલાવવા માટે ટ્રસ્ટ મંડળ વિચારણા કરી રહેલ છે, જેની જાહેરાત યોગ્ય સમયે કરવામાં આવશે.

ગુણની નીતિ રાખવી સારી.

સમૂહ લગ્નના આયોજકોએ પરણાનાર જોડલા અને તેમના પરિવાર તેમજ લગ્ન નિમિત્તે બહારગામથી ખાસ આવેલાઓનો ખ્યાલ રાખવોજ જોઈએ. સામાન્ય કહેવાતી જ્ઞાતિઓના સમૂહ લગ્નો પણ હવે વ્યવસ્થિત ગણાવતી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિમાં લાગે છે ઉલ્ટી ગંગા વહેવાની છે.

– **મોતીચંદ કે. શાહ (શિયાળ)** – જખૌ – રાયપૂર

**ક્રમાંક પ્રમાણે બહુમાન કરીએ**

ઘણીવાર બહુમાન થાય છે. તે આપણે ઘણી વાર જોયા છીએ. એ બહુમાનમાં જોવા મળે છે. એવોર્ડ, પાઘડી, શાલ, બે હાથથી નતમસ્તક વંદન, કપાળે તિલક, સમુહ ચિહનો, ધન રાશી, એવી શ્રીફળ તેમજ અન્ય અન્ય ઘણું વધું જોવા મળે છે ?

પરંતુ આ બધું અગ્રતા કે ક્રમસર જોવા મળે તો વધુ સારું લાગેશે. સૌ પ્રથમ બહુમાન મેળવનાર વ્યક્તિને આપણે બે હાથ જોડીને નતમસ્તક વંદન કરીએ, પછી જમણા અંગુઠાથી કપાળે ઉપર તિલક લગાડીએ. પછી જે કોઈપણ હોય શ્રીફળ, એવોર્ડ, સમૂહ ચિહનો અથવા ધન રાશીની થેલી વગેરે જે કાંઈણા હોય તે તેના બે હાથમાં મૂકીને બે હાથ જોડીને વંદન કરીએ. પછી મસ્તક ઉપર પાઘડી પહેરાવીએ અને બંને ખભા ઉપર શાલ ઓઢાડીને બહુમાન કરીએ. એમાં શાળ, હોય તો શાળ, અથવા પાઘડી હોય તો પાઘડી, પછી એક બીજાને હાથ મિલાવીને તેમજ ખભે-ખભો મિલાવીને કરીને પછી છુટા પડીએ તો વધારે સારું લાગશે.

– **જવેરચંદ લખમશી ધરમશી,** મુલુંડ (વેસ્ટ)

**શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ**

પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શન થી શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમ મધે સૂત્ર-વિધિ રહસ્ય જીવવિચાર – નવતત્વ શ્રાવકના ગુણો અને તીર્થંકરોની જીવનયાત્રાના પ્રથમ વર્ષ. અભ્યાસક્રમમાં અમને ઘણું જ જાણવા મળ્યું. પ્રથમ ૧૦ પેપર દર મહિને અભ્યાસક્રમમાંથી જોઈને જ લખવાના, તેના માર્ક પણ વેબસાઈટ ઉપર આવી જાય. આપણને તેની ઉત્કંઠા પણ હોય અને ભૂલોની સૂધારણા પણ જરૂરી થઈ જાય. અને છેલ્લે એપ્રિલ મહિનામાં ૮૦ માર્કનું પેપર, જેમાં ૩૫ માર્ક (objective) ત્રણ પર્યાય સાથે – અર્થના ૧૦, જોડકા જોડો ના ૧૦, સાચા ખોટાના ૧૦ અને છેલ્લે ૧૫ માર્ક, પાંચ પ્રશ્નોના જવાબ (Theory). ઘણું જ સુંદર – ઘણું જ સરસ જીવ-અજીવ-પૂણ્ય-પાપ, વિશે ઘણી જ સમજણ મળી.

આ લેખના દ્વારા અમે આપણા સર્વે કેડીઓ ભાઈ-બહેનોને વિનંતી કરીએ છીએ કે જૂન થી શરૂ થતાં અભ્યાસક્રમ માટે હજી સુધી નામ ન નોંધાવ્યા હોય તો આપણા જેન ધર્મના જનરલ નોલેજ માટે તમો ફોર્મ ભરશો જેથી તમો પ્રથમ પેપર વાંચી પરિક્ષા માટે તૈયાર થઈ જશો નવાનવા પેપરથી તમારી અંદર જૈન ધર્મ માહિતી પ્રાપ્ત કરવાની ઉત્કંઠા વધતી જશે. પ.પૂ. સાધ્વીજી ભગવંતોને ભાવપૂર્વક વંદન અને સર્વે જોડાયેલા કાર્યકરોના કાર્યની અનુમોદના. ઓનલાઈન ફોર્મ ઉપર ભરીને ફોસના રૂા. ૩૦૦/– ઓન લાઈન ભરી શકાશે. ભાંડુપ-મુંબઈ દેરાસરજીની પેઢીઓમાં પણ ફોર્મ મળી શકશે.

– **તોરલ અને કુમાર બાબુભાઈ દંડ** – તેરા – ભાંડુપ


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**સાંધવ કચ્છ માદરેવતન પર્વની આરાધના સાંધવવાસીઓ તેમજ નીચાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

પર્વની આરાધના કરવા તા. ૨૮-૦૮-૨૦૧૬ રવિવારના મુંબઈથી સાંધવ પ્રસ્થાન તા. ૩૦-૦૮-૨૦૧૬ પર્વ પર્યુષણનો શુભ પ્રારંભ તા. ૦૮-૦૯-૨૦૧૬ ગુરૂવારના સાંધવથી મુંબઈ પ્રસ્થાન આવતા જતા પંચતિર્થી કરવામાં આવશે. જેમને પણ આરાધના કરવાની ઇચ્છા હોય તો નીચે મુજબ સંપર્ક કરશોજી.

| | |
|---|---|
| વીરચંદ ખોના | – 098709 49005 |
| ગોવિંદજી પટેલ | – 098205 40949 |
| રાજેશ દંડ | – 099300 07826 |
| પરેશ દંડ | – 098193 59401 |

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ
પ્રમુખ શ્રી શામજી નરશી દંડના જય જિનેન્દ્ર

।। જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ।।

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા**
આયોજીત *સ્નેહ મિલન* તથા
**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ**
આયોજીત *10મો વાર્ષિકોત્સવ*

રવિવાર, તા. ૨૨-૫-૨૦૧૬ના બપોરે ૨.૩૦ ક.થી

**શુભ સ્થળ :**

જૈનમ હૉલ, ભાંડૂપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

સર્વે વરાડીયાવાસી ભાઈ-બહેનોને સપરિવાર તથા વરાડીયાની પરિણીત નિયાણી બેનોને સજોડે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમ દરમ્યાન ઢોલ શરણાઈના તાલે રાસ ગરબાની મોજ તથા સાંજે પ્રીતિ ભોજનનો આસ્વાદ. (ચોવિહારની સુવિધા)

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા
શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા
### દાતાઓ તરફથી એપ્રિલ-૧૫ થી માર્ચ-૧૬ સુધી મળેલ શાળા ફી - પુસ્તક સહાયભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | **વેદા મેકાની મેમોરીયલ ફંડ-પુત્રી વેદા મેકાનીની સ્મૃતિપેટે ભેટ હસ્તે : અ.સૌ. કિર્તિદાબેન મેકાની - સીંગાપોર - કાયમી અનામત ફંડ પેટે જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે.** | ૫૦,૦૦,૦૦૦ | |
| | **આરીખાણા** | | |
| ૧. | માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા હસ્તે શ્રી સોમચંદભાઈ વેલજી લોડાયા | ૫૦૦૦ | **૫૦૦૦** |
| | **બાયઠ** | | |
| ૧. | બાયઠ મહિલા મંડળ | ૨૫૦૦૦ | **૨૫૦૦૦** |
| | **બાંઢીયા** | | |
| ૧. | દલાલ શા. હીરજી શીવજી એન્ડ કું. હસ્તે શ્રી પરેશભાઈ લોડાયા | ૨૫૦૦૦ | **૨૫૦૦૦** |
| | **ગોધરા** | | |
| ૧. | શ્રી કીશોરભાઈ એસ. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | |
| ૨. | શ્રીમતી ઉષાબેન કે. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | |
| ૩. | શ્રી હેમન કે. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | |
| ૪. | શ્રીમતી રાખીબેન એચ. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | |
| ૫. | શ્રી આનંદ કે. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | |
| ૬. | શ્રીમતી વિનલ એ. કુરૂવા - ગોધરા / કોચીન | ૩૩૭૫ | **૨૦૨૫૦** |
| | **ગોએરસમા / બારોઈ** | | |
| ૧. | માતુશ્રી જયાબેન ઠાકરશી ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૨. | શ્રી શરદભાઈ ઠાકરશી ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૩. | શ્રી કેતનભાઈ ઠાકરશી ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૪. | શ્રી વસંતભાઈ ઠાકરશી ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૫. | શ્રીમતી રમીલાબેન શરદભાઈ ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૬. | શ્રી સિધ્ધાર્થ વસંત ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૭. | શ્રી વરૂણ કેતન ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૮. | શ્રી હર્ષ કેતન ગોસર - ધુલીયા | ૫૦૦૦ | |
| ૯. | શ્રી રાહુલ ચંદ્રકાંત ગોસર - મુલુંડ | ૫૦૦૦ | |
| ૧૦. | માતુશ્રી હિરાવંતીબેન ચીમનલાલ મોમાયા - સેંધવા / બારોઈ | ૧૧૦૦૦ | **૫૬૦૦૦** |
| | **જખૌ** | | |
| ૧. | માતુશ્રી પ્રેમાબાઈ લધાભાઈ મહેશ્વરી - મુલુંડ | ૫૦૦૦ | |
| ૨. | શ્રી કાંતિલાલભાઈ કે. કરમશી - જખૌ / મલબારહીલ - જખૌ | ૨૦૦૦૦ | |
| ૩. | હેમંત સર્જીકલ ઈન્ડસ્ટ્રીસ લિ. હસ્તે શ્રી હંસકુમાર શિયાલ - જખૌ | ૫૦૦૦૦ | |
| ૪. | માતુશ્રી લીલાવતીબેન સોમચંદ નાગડા - જખૌ / મુલુંડ - જખૌ | ૧૧૦૦૦ | |
| ૫. | શ્રી રમેશભાઈ ભવાનજી મૈશેરી - લોનાવલા | ૧૧૦૦૦ | ૯૭૦૦૦ |
| | **કોઠારા** | | |
| ૧. | યુકે ખીમજી એન્ડ કું. - હસ્તે શ્રી ઉત્તમભાઈ ખોના - કોઠારા / સાંગલી | ૨૦૦૦૦ | |
| ૨. | શ્રીમતી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી - કોઠારા / મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૩. | માતુશ્રી પુષ્પાબેન લાલજી શામજી અજાણી - કોઠારા / મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૪. | શ્રીમતી હિનાબેન દિનેશશાહ અજાણી - કોઠારા / મુલુંડ | ૫૦૦૦ | **૪૫૦૦૦** |

| | | | |
|---|---|---|---|
| | **લાલા** | | |
| ૧. | શ્રી નવીનભાઈ હીરજી દંડ - લાલા / વેરાવળ - લાલા | ૧૦૦૦૦ | **૧૦૦૦૦** |
| | **મંજલ** | | |
| ૧. | વિહાન પ્રતિક દંડ, અંધેરી - મંજલ | ૪૮૮૪૦ | |
| ૨. | શ્રીમતી દમયંતીબેન કાન્તીલાલ દંડ, મુલુંડ | ૧૫૦૦૦ | **૬૩૮૪૦** |
| | **રાપર ગઢવારી** | | |
| ૧. | શ્રી કેડીઓ ગોડીયા પાર્શ્વનાથ સખી મંડળ - શૈક્ષણિક સહાય - ૨૦૧૪/૧૫ | ૫૧૦૦૦ | **૫૧૦૦૦** |
| | **મોટી ખાવડી** | | |
| ૧. | શ્રી ખીમજીભાઈ કરમશી લોડાયા, મુલુંડ - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૫૦૦૦ | |
| ૨. | શ્રી પ્રફુલભાઈ લઘુભાઈ લોડાયા, દારેસલામ - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૧૦૦૦ | |
| ૩. | માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા, ઘાટકોપર - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૧૦૦૦ | |
| ૪. | માતુશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ ખોના, મુલુંડ - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૨૧૦૦૦ | |
| ૫. | શ્રી હિંમતલાલ વીશનજી ખોના, ઘાટકોપર - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૬. | શ્રી શાંતિલાલભાઈ શામજી લોડાયા, મં. બંદર - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૭. | શ્રી મહેન્દ્રભાઈ વસનજી લોડાયા, મુલુંડ - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૮. | શ્રી પ્રવિણભાઈ કુંવરજીભાઈ લોડાયા, કાંદિવલી - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૯. | શ્રી જીવરાજભાઈ ગોવિંદજીભાઈ લોડાયા, થાણા - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૧૦. | શ્રી નરેન્દ્રભાઈ હંસરાજભાઈ લોડાયા, થાણા - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૫૦૦૦ | |
| ૧૧. | શ્રી જતીનભાઈ નવીનચંદ્ર રતનશી શાહ, મુલુંડ - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૪-૧૫ | ૧૧૦૦૦ | |
| ૧૨. | જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી - શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૫-૧૬ | ૧૬૫૨૩૭ | **૩૨૪૨૩૭** |
| | **નલીયા** | | |
| ૧. | શેઠ નરશીનાથ ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જિદબંદર - નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય વર્ષ ૧૫.૧૬ | ૨૫૦૦૦ | |
| ૨. | શ્રી ગોપાલદાસ અરોરા - દિલ્હી - હસ્તે શ્રી વિરચંદ લાલજી ખોના, મુલુંડ | ૩૧૦૦૦ | |
| ૩. | માતુશ્રી રમીલાબેન જયચંદ નાગડા હસ્તે શ્રી રૂપીનભાઈ જયચંદ નાગડા - નલીયા /મુલુંડ | ૨૧૦૦૦ | |
| ૪. | શ્રી જીતેન્દ્ર દેવશી ભાણજી ખોના-નલીયા/કોઈમ્બતુર | ૧૫૦૦૦ | |
| ૫. | શ્રી શાંતિલાલભાઈ જે શાહ - નલીયા / માટુંગા | ૧૫૦૦૦ | |
| ૬. | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા - નલીયા/ચેંબુર | ૧૧૦૦૦ | |
| ૭. | શ્રી મધુકાંત શાહ, કોઈમ્બતુર | ૧૧૦૦૦ | |
| ૮. | શ્રીમતી સરલાબેન વિરચંદભાઈ ખોના, નલીયા/મુલુંડ હસ્તે શ્રી વિરચંદભાઈ લાલજી ખોના, મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૯. | માતુશ્રી જમકુબેન લાલજી ખોના, નલીયા/મુલુંડ હસ્તે શ્રી વિરચંદ લાલજી ખોના, મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૧૦ | કુ. ચંદ્રા લાલજી ખોના, નલીયા /મુલુંડ હસ્તે શ્રી વિરચંદભાઈ લાલજી ખોના, મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૧૧. | શ્રી નરશી શામજી ધરમશી - નલીયા/મુલુંડ, નલીયા | ૧૦૦૦૦ | |
| ૧૨. | માતુશ્રી હીરાબેન જયચંદભાઈ નાગડા - નલીયા /માટુંગા | ૭૫૦૦ | |
| ૧૩. | માતુશ્રી જયાબેન ભવાનજી લોડાયા - નલીયા / માણાવદર | ૫૫૫૫ | |
| ૧૪. | શ્રી ગીરીશભાઈ મોમાયા - નલીયા / બાંદ્રા | ૫૦૦૦ | |
| ૧૫. | શ્રી મયંકભાઈ મોમાયા - નલીયા / બાંદ્રા | ૫૦૦૦ | **૪૧૭૦૫૫** |
| | **રાણપર** | | |
| ૧. | વીરજી લધાભાઈ ટ્રસ્ટ - રાણપર ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૫૭૯૫૦ | **૫૭૯૫૦** |
| | **સાંધવ** | | |
| ૧. | શ્રી મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રીમતી દમયંતીબેન ચાંપશીભાઈ લોડાયા | ૧૮૫૩૨૦ | **૧૮૫૩૨૦** |
| | **તેરા** | | |
| ૧. | શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા | ૫૦૦૦૦ | **૫૦૦૦૦** |

| | | | |
|---|---|---|---|
| | **વાંકુ** | | |
| ૧. | શ્રી દામજીભાઈ નરશીભાઈ સોની, મુલુંડ – વાંકુ | ૫૦૦૦ | |
| ૨. | શ્રી રમેશભાઈ ત્રિકમજી સોની – વાંકુ – વડાલા, વાંકુ | ૫૦૦૦ | |
| ૩. | માતુશ્રી નેણબાઈ દેવશી ખીમજી લોડાયા – વાંકુ-મુલુંડ, હસ્તે શ્રી ભદ્રીચંદભાઈ લોડાયા – વાંકુ | ૫૦૦૦ | **૧૫૦૦૦** |
| | **વરાડીયા** | | |
| ૧. | શ્રી મણીકાંત મેઘજી મોમાયા – વરાડીયા / હૈદ્રાબાદ | ૫૧૦૦૦ | |
| ૨. | થોભણ લધાભાઈ બ્રધર્સ ટ્રસ્ટ | ૫૧૦૦૦ | **૧૦૨૦૦૦** |
| | **જનરલ ફંડ** | | |
| ૧. | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર તેના સાધારણ ફંડસ, મ. બંદર | ૫૦૦૦૦૦ | |
| ૨. | શ્રી કચ્છી દશા ઓસવાલ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા-<br>મોતા અટક ધરાવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૧૫૨૦૦૦ | |
| ૩. | શ્રી કિરણભાઈ ચાંપશી પાલાણી | ૧૦૦૦૦૦ | |
| ૪. | માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ – મો. સિંધોડી/સાયન હસ્તે શ્રી રાજેશભાઈ પ્રેમજી શાહ | ૭૫૦૦૦ | |
| ૫. | શ્રી રાયચંદભાઈ રતનશી કારાણી – સુથરી / મુલુંડ હસ્તે શ્રી દિપકભાઈ કારાણી | ૨૫૦૦૦ | |
| ૬. | શ્રી રાયચંદભાઈ રતનશી કારાણી – સુથરી / મુલુંડ હસ્તે શ્રી યશોધનભાઈ કારાણી | ૨૫૦૦૦ | |
| ૭. | શ્રી. કે.ડી.ઓ. મંડળ, ડોંબીવલી | ૨૫૦૦૦ | |
| ૮. | માતુશ્રી વિજયાબેન વેરશી મોતા હસ્તે શ્રી અશોકભાઈ વેરશી મોતા | ૨૧૦૦૦ | |
| ૯. | સ્વ. શ્રીમતી નવલબાઈ વીરચંદ મોમાયા હસ્તે શ્રી શ્રેણિકભાઈ વીરચંદ મોમાયા | ૨૧૦૦૦ | |
| ૧૦. | શ્રી ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ – ગાંધીધામ<br>હસ્તે આણંદજી હીરજી ખોના પરિવાર સાંધવ/ ગાંધીધામ | ૧૫૦૦૦ | |
| ૧૧. | શ્રી જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કું. હસ્તે શ્રી જેઠાભાઈ ડુંગરશી | ૧૫૦૦૦ | |
| ૧૨. | શ્રી શામજીભાઈ નરશી દંડ – મુલુંડ | ૧૧૦૦૦ | |
| ૧૩. | શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા – લખાણીયા / માટુંગા | ૧૧૦૦૦ | |
| ૧૪. | માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા હસ્તે શ્રી હિરાલાલભાઈ ડાઘા | ૧૧૦૦૦ | |
| ૧૫. | સ્વ. શ્રીમતી નવલબાઈ વીરચંદ મોમાયા હસ્તે શ્રીમતી જ્યોતિબેન શ્રેણિકભાઈ મોમાયા | ૧૧૦૦૦ | |
| ૧૬. | સ્વ. શ્રીમતી નવલબાઈ વીરચંદ મોમાયા હસ્તે કુ. પૂજા શ્રેણિકભાઈ મોમાયા | ૧૧૦૦૦ | |
| ૧૭. | સ્વ. શ્રીમતી નવલબાઈ વીરચંદ મોમાયા હસ્તે ચિ. શ્રિપાલ શ્રેણિકભાઈ મોમાયા | ૧૧૦૦૦ | |
| ૧૮. | સ્વ. શ્રી કાન્તીલાલ એ. દંડ, મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૧૯. | વિજયાલક્ષ્મી ટ્રાન્સપોર્ટ કેરીયર હસ્તે શ્રી કિરણભાઈ લાપસીયા | ૫૦૦૦ | |
| ૨૦. | શ્રી નિતીનભાઈ રાયચંદ સાયલા – સુથરી / ડોંબીવલી | ૫૦૦૦ | |
| ૨૧. | રતનબેન કે. શાહ | ૫૦૦૦ | |
| ૨૨. | શ્રી કુલીનકાંતભાઈ શાહ | ૫૦૦૦ | |
| ૨૩. | શ્રી મણીકાંતભાઈ મોતા | ૫૦૦૦ | |
| ૨૪. | શ્રી સુશીલભાઈ મોમાયા | ૫૦૦૦ | |
| ૨૫. | ટીકીટાર ઈન્ડસ્ટ્રીસ – ભાંડુપ | ૫૦૦૦ | |
| ૨૬. | શ્રી રાયચંદ ડી. જીવાણી – જખૌ / ડોંબીવલી | ૫૦૦૦ | **૧૦૯૦૦૦૦** |
| | | **૨૬૧૭૧૫૨** | **૨૬૧૭૧૫૨** |

સુથરી ગામના વિદ્યાર્થીઓને રૂા. ૨,૮૬,૬૨૪/- ફી સહાય શ્રી પદમશી લધુભાઈ સોનીએ, જુહુ ચેક દ્વારા ચુકવેલ છે.

ડોનેશન મેળવવામાં **શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના, નલીયા / મુલુંડ**નો સિંહફાળો છે. સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. મહાજનો અને દાતાઓને ફરી અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃતિ સરળતાથી પુરં કરી શકે તે હેતુ સાથે આપશ્રી સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા.

આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર.

લિ. **સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

# પરિણીત હિન્દુ સ્ત્રી સાસરા અને પિયર બંનેના એચયુએફની સભ્ય રહી શકે છે




હિન્દુ કાયદા પ્રમાણે કોઈ પણ કન્યા જો લગ્ન પહેલાં તેના પિતાના ઘરે હિન્દુ અવિભક્ત કુટુંબની (એચયુએફ)ની સભ્ય હોય અને લગ્ન પછી તેના પતિના ઘરે પણ જો એચયુએફ હોય તો તે બન્ને ઠેકાણે તે કન્યા એચયુએફના સભ્ય તરીકે રહી શકે છે. હિન્દુ કાયદા પ્રમાણે જૈન, શીખ અને બૌદ્ધ પણ હિન્દુ ગણાય છે અને બધાને તે હિન્દુ કાયદો લાગુ પડે છે. હિન્દુ કાયદા અનુસાર કોઈપણ એચયુએફનું સંપૂર્ણ કે અંશતઃ વિઘટન થાય ત્યારે તે એચયુએફના ત્રણ પેઢી સુધીનાં જ કુટુંબના સભ્યોના હક લાગે છે.

હિન્દુ કોપાર્સનરી શબ્દ કરતાં હિન્દુ ન-ડિવાઈડેડ ફેમિલી (એચયુએફ)નો અર્થ ઘણો વિશાળ છે. એચયુએફમાં એક મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે તેમાં હિતોની સમાનતા (કોમ્યુનિટી ઑફ ઈન્ટરેસ્ટ) અને કબજાની એકતા (યુનિટી ઑફ પઝેશન) હોવી જોઈએ.

હિન્દુ વારસા ધારાના ૨૦૦૫ના સુધારા પછી દીકરીઓનો પણ દિકરા જેટલો જ હક એચયુએફમાં લાગે છે. એચયુએફમાં એક પુરુષ કે સ્ત્રી સભ્યને સંતાન ન હોય અને કાયદાની વિધિ પ્રમાણે કોર્ટ મારફત બાળક દત્તક લીધેલું હોય તો કાયદેસર રીતે તે છોકરો કે છોકરી પણ એચયુએફના ભાગીદાર થઈ જાય છે. પરંતુ આ દત્તકવિધિ કાયદેસર કરાઈ હોવી જોઈએ અને તેને માટે કોર્ટનો આદેશ પણ હોવો જોઈએ.

ઈન્કમ ટેક્સના ઍક્ટની કલમ (૩૧) પ્રમાણે એચયુએફ અલગ કાનૂની હસ્તી ગણાય છે. તેનું ઈન્કમ ટેક્સનું રિટર્ન કર્તા મારફત ફાઈલ કરવું પડે છે. એચયુએફને ઈન્કમ ટેક્સની કલમ ૮૦ (સી) પ્રમાણે આવકવેરાની કરમુક્તિ પણ મળે છે. પરંતુ એચયુએફ હવે નવાં પીપીએફ એકાઉન્ટ ખોલાવી શકતું નથી. ઊલટાનું એચયુએફનાં નામે પીપીએફનાં જેટલાં ખાતાં હોય તે બંધ કરાવી દેવાની સરકારે સૂચન આપી દીધી છે. જે ખાતા બંધ ન કરાયાં હોય તેના પર હવે વ્યાજ નહીં મળે. કોઈ પણ કુટુંબમાં એચયુએફનો કર્તા ગુજરી જાય તો તે કુટુમ્બનો બીજો કોઈપણ પુરુષસભ્ય કાયદેસર રીતે તે એચયુએફનો કર્તા થઈ જાય. એકથી વધુ પુરુષો હોય તો સૌથી મોટી ઉંમરનો પુરુષ કર્તા બની જાય છે. એચયુએફનું વિઘટન હોય તો પતિ અને પત્નીનું અલગ એચયુએફ થઈ જાય છે.

ઈન્કમ ટેક્સના એક ચુકાદા સીઆઈટી વર્સિસ પુરુષોત્તમ કે. પંચાલ (૨૦૦૨) ૨૫૭ આઈટીઆર ૯૬ (ગુજરાત) પ્રમાણે

અનુસંધાન ૨૦મા પાને

ANANT AROGYA NIDHI

**અનંત આરોગ્ય નિધી દેવલાલી**

**પધારો ! પધારો !! પધારો !!!**

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનાટોરીયમ**

લામ રોડ, ટોલ નાકા નં. ૬, દેવલાલી, નાશીક-૪૨૨ ૪૦૧.

Tel.: 0253-2473072 Email: dharamshi@gmail.com

પરમ સ્નેહી સ્વજન, સસ્નેહ સાદર વંદન સાથે જય જિનેન્દ્ર.

યંત્ર સમી શહેરની બોઝિલ જિંદગી થી દૂર... મંત્ર સમી શાંતિ આપ ઝંખો છો...? જો હા... તો આપની સમક્ષ પ્રસ્તુત છે આ નમ્ર નિવેદન.

**ચાલો જોઈએ... તેની, એક ઝલક... પલકમાં**

**રહેવા માટે એસી તથા નોન એસી રૂમની વ્યવસ્થા**



• ૦% પ્રદુષણ (પોલ્યુશન).... નયનરમ્ય નૈસર્ગિક સૌંદર્ય • દરેક રૂમમાં ટી.વી. તથા ફ્રીઝ • દરેક રૂમમાં પીવાના પાણી માટે એક્વાગાર્ડની સગવડ • ૨૪ કલાક સોલાર સિસ્ટમથી ગરમ પાણીની વ્યવસ્થા • રોજીદીં વાપરાશ માટે રસોડાના દરેક વાસણો • ગેસ, ટોસ્ટર, સેન્ડવીચ મેકર, બૉસ મિક્સર સહિત • સવારના ચા-નાસ્તા તથા જમવા માટે ટિફીનની વ્યવસ્થા • વિનયી અને વિવેકી સ્ટાફ • સુચારૂ વહિવટ કર્તા અને સેવા સમર્પિત ટ્રસ્ટીઓ • કિફાયત દર

હૉટેલ ના ઊંચા ચાર્જ અને ઘોંઘાટમય વાતાવરણ કરતા અહીં સ્વચ્છતા... શાંતિ... અને અનેક ઘણું નિરામય વાતાવરણ... તથા હિંચકે ઝુલવાનો લહાવો આપને મળશે.

જેમ સાગર સરિતાને બોલાવે... મા પોતાના સંતાન ને બોલાવે... તેમ પ્રકૃતિ મૈયા માનવ બાળને ધરતીના ખોળે ખેલવા... ખીલવા... ખુંદવા અને ખુશીનો ખજાનો લૂંટવા આપને સાદ કરે છે...

આપ જરૂર થી તેનો પ્રતિસાદ આપશો. આપ અમને સેવાની તક આપશો...

સંપર્ક : **પરેશભાઈ**

ક્વેસ્ટ, ૧૦૭૩, રાજાભાઊ દેસાઈ માર્ગ, બિયૂમોન્ડે ટૉવર પાછળ, પ્રભાદેવી, મુંબઈ-૨૫. ફોનઃ 022-2439 4444 • ફેક્સઃ 022-2439 4315

## શોભેં સુથરીજા સૌભાગ્યવંતા ...

રચેતાઃ રશ્મિન ખોના

સુથરી મહાતીરથ આય બિરાજે ઘૃતકલ્લોલ પારસનાથ
ઘૃતકલ્લોલ જો મહિમા જજો ડીંયે સદાભાવિકેં કે સાથ

સાંયલા મેઘજી ઉડીઆ, જેંતે પ્રસન્ન થ્યા ઘૃત કલ્લોલ
સોણેંમેં અચી સુથરી વાસ મંગ્યા, ગામજા થ્યા ચડતા બોલ

સોનેરી વિક્રમ સંવત ૧૮૯૫ મેં સંઘજા સપના થ્યા સાકાર,
ઘૃતકલ્લોલ વિઠા ગાધીતેં, વરત્યો જય જયકાર.

કમલ સરીખા કમલશ્રી, જેંજા દર્શન પાવન કારી,
જેંજી સેવા ઝળહળે, જૈન ધર્મમેં ભારી.

નરેન્દ્રશ્રીને વિદ્યુતપ્રભાશ્રી, અચલગચ્છજા શણગાર,
શાર્ધ-શતાબ્દિ ઓચ્છવમેં જેં થકી, વધ્યો આનંદ અપાર.

વિદ્યુતપ્રભાશ્રીજી સેવા, વિદ્યુત વારેંજી પ્રકાશે સદાંઈ,
મિતિયું ભેરીયું કરમેં સુથરી સંઘકે, સેવા ડિના સવાઈ.

જયલક્ષ્મીશ્રીજી ધર્મજ્યોતજા, સેવા મૂર્તિ સદાંય,
ધર્મજ્યોતમેં ઘી પૂરીંયેને, પ્રકાશ ડિંયે ફેલાય.

મહાનિબંધ લિખી કરે, Ph.D. થ્યા પાસ,
જયદર્શિતાશ્રીજી વધઈ નામના, સુથરીજો ઈ સહસવાસ.

પ્રિયદર્શનાશ્રીજી પ્રિય વાણી, સુણેવેં સુથરી સંઘ,
મહોદયાશ્રીજી ચેલી યશોદયાશ્રીજા ચેલી થૈ મુક્તિરત્ના રખ્યા રંગ.

નિંઢી વયમેં હર્ષે હર્ષે હેતલબેન, દીક્ષાગિની થ્યા સાધ્વી હર્ષનિધિશ્રીજી,
પોય ગીતાબાઈ પણ હોંશે હોંશે, દીક્ષાગિની થ્યા સાધ્વી શ્રેયાંસકરાશ્રીજી.

મહાતપસ્વી મહાયશાશ્રીજી કે, મિલે કચ્છમેં માન,
ગામેગામ ચોમાસા કરી, વધાર્યાં ગચ્છને સુથરીજી શાન.

નવકારજો મંત્ર અનેરો, ઈનજો નાદ ગજાયાં જામ,
યશોભદ્ર સૂરિ સુથરીકે, ભનાંયાં ધર્મજો ધામ.

ધર્મધૂરંધર જિનમહોદયસાગર, ધર્મજો પાડ્યાં પાવન પ્રકાશ,
ને થ્યા ખડતર ગચ્છાધિપતિ, જેં સેં નામના વધઈ ખાસ.

પ્રખ્યાત ભલારેંજે નાંલે, સંત શ્રી પાતોભાને વીરોભા,
ભલાઈજા નેક કમ કરે, શ્રધ્ધાળું એંજી જલ્યાં બાં.

કચ્છજા ભડવીર મહાબલ, સરવિશનજી બ્રિટન મેં થ્યા મશહૂર,
પ્રથમ ભન્યા સરનાઈટ હુડ કચ્છીમેં, ભન્યા દાનમેં શૂર.

સરવિસનજી ત્રિકનજી ધર્મ ભાવનાજા, ભનીવ્યા સ્થંભ,
ઠેકઠેકાણે દેરાસર બધાયાં, હલી ધર્મજે પંથ.

રોયલ સોસાયટી ઓફ સાયન્સ, જુકો આય લંડન,
સવાબલખજે દાનસેં ઇનીજે નાંજી, લાયબ્રેરી ઉત્ત મિલ્યા અભિનંદન.

સર વિશનજી JP વલી લગે નાતને વલો લગધોહો વતન,
રશ્મિન મનીને ચે ધનધન આંકે, નાતજા નામી રતન.

ધુલ્લા ખેતા-ખીંયશી, જાણે કચ્છજા કર્ણદાનેશ્વરી,
હિન જ્ઞાતિ ભૂષણતેં, વરસઈતે કૃપા પરમેશ્વરી.

બેંક ઓફ ઈન્ડિયા ને બોમ્બે સેફ લી. જા ખેતાભાવા સ્થાપક,
બોમ્બે કોટન એક્સચેંજ ને ન્યુ સ્ટોક એક્સચેંજજા વા ડીરેક્ટર ને સ્થાપક.

છપનીયે દુકારમેં તિજોરી ખોલી, જીગરસેં લખ્ખેંજા ક્યાં દાન,
અન્નવસ્ત્ર ને ઘાસ ચારો પુજાયાં, ઠેઠ હાલાર ને કચ્છજે ગામ.

ડોસા ખીંયશી પ્રથમ જમાડીયાં, સુથરીમેં જેકી અચેં સંઘ,
શાસન પ્રેમી હીન શ્રેષ્ઠિવર્યમેં, છેલકેં સાધર્મિક ભક્તિજા રંગ.

### સોનબાઈ કાનજી રતનશી છેડા ઉર્ફે મેરામા (ઘા-વારા)

સુથરીજા મિઠ્ઠા માડી મેરામાં, વરેજા વરે જેમાડ્યાં જેકીં અચે સંઘ.
એળાં ઈનીજા ઉત્કર્ષ ભાવ, સુથરીમેં જમે વિગર પાછો કીં વિને સંઘ ?

સુથરીમેં આયોવો નગીનદાસ શેઠજો, ચાર હજાર યાત્રાળુએંજો સંઘ.
તેં કે મેરામાંજી સૂઝસેં ગામવારે, કુસીકુસી બાજરજી માની ખારાય રખ્યો રંગ,

ધન ભાગ્ય સુથરીજા જેડાં વરસે, ઘૃતકલ્લોલ પારસનાથજી અસીમ કૃપા.
તેડાં અન્નપૂર્ણા દેવી થૈઈ આયા મેરામાં, જેંકે કીં ભુલઘાસીં પાં ?

ઓછે ખર્ચે ને સાદાઈથી, કઈકેંજા વિંયાં ડિના કરાય,
વાલજી લધાજી યાદગાર સેવા, પ્રથમ વસ્તીપત્રકથી ૫ આય.

વ્યવસ્થાપક ભનાય દામજી જેઠા કે, ખરચ્યાં અઢળક ધન,
ઈ વાલજી લધા છપ્નુજે દુકારમીંજા, ઉકાર્યા કચ્છડો રખી વડો મન.

નગીનદાસ કરમચંદ શેઠજે, સંઘકે જમાડ્યાં સુથરી ગામ,
ગરમા ગરમ બાજરજી માનીયું, ને છાયજો કરાંયાં પાન.

શેઠ હંસરાજ મુરજીજી, મહેનતજો પરિપાક,
ભેરા હુઆ નરશી ભોજરાજ, ડિના સંઘકે સાથ.

ચાર હજાર યાત્રાળુએંજે, સંતોષજો ન નિકરે માપ,
સંઘ વારા ન્યારીજર્યા, સુથરી સંઘજી શક્તિ અમાપ.

ધરમશી વીરમ રાયશી, જેંજો લાલબાગમેં હો વાસ,
દશેં-વિશેંજો વરઘોડો હિકડો કરે, એકતાજો પાડ્યાં પ્રકાશ.

ફક્ત ત્રે ચોપડીયું ભણેલા પણ, નાં કઢ્યાં કોચીનમેં ઠેઠ,
ઈ દંડ આણંદજી માલશી રાજદે, આપ બળે થ્યા સુથરીજા શેઠ.

ગુ. મહાજનજા પ્રમુખને દેરાસરજા ટ્રસ્ટી થૈ, મેળવ્યા અધિકોમાન,
કોચીનમેં સેવાઉંતાં કઈ કરે, ખૂબ વધાર્યા નાતજી શાન.

પાલીતાણામેં યાત્રાળુએંકે, અઠ્ઠવરે જમાડેજી ગિણાવા ટેક,
ધર્માચરણી ભાર્યા હીરબાઈજે નાલે, સાધના મંદિર ને પાઠશાળા ડિના ભેટ.

મેઘજી આણંદજીજી જોડલી, કુળ રત્ન ઝવેરીલાલ,
અતિથિગૃહ બધાયાં પ્રેમથી, ને સમાજકે સોંપી ડિના હાલ.

પિતૃ ભક્તિ સેં બધાયાં, આનંદ સાધના મંદિર,
લીલાવંતીબાઈ ઝવેરીલાલ, ભક્તિ સંગીત મેં ધીર.

જેઠાભાઈ દામજી મેઘજી, બોર્ડીંગ જા ઈપણ હીકડા આધ્ય સ્થાપક,
સગવડ ઉભી ક્યાં છાત્રાવાસજી, વા કેળવણીજા ઉપાસક.

જેઠાભાઈ વીરમ ખોના, ડિના સુપુત્ર ભાણજી જે નાલે પટ્ટ,
ભાંડુપમેં જેંતે શોભે અનંતસિધ્ધી, પુન્યજી ક્યાં ભારે ખટ્ટ.

દાની રતનશી ખીંયશી રતન જેળા, નેત્ર યજ્ઞથી કઢ્યાં નામ,
ઇનીજે સંચાલીત દવાખાનેથી, વખણાજે સુથરી ગામ.

ધરમશી કુંવરજી જેઠા, મુંબઈ જે લાલબાગમેં જેંજે નાંજી માર્કેટ,
વડા ક્રિકેટર નાતજા, કચ્છજા રાજા વખાણ્યા જેંજી ક્રિકેટ.

ફલુથી મુંભઈ થેવારો હો ખાલી, હિંમત ડિના ભચાયને ઘણે માડું,
રાયચંદ જેઠા દંડ કર્મશૂર થઈ, ખૂબ ખરચ્યાં નાંણું.

સુથરીમેં પાંજરાપોળને કેળવણી, આરોગ્ય સેવા ઘેર,
દંડ માણેકચંદ સુત રતનશી, દીન દુઃખીતેં મ્હેર.

પ્રથમ પાયલોટ રાવ બહાદુર દામજી જેઠા, વા મ્યુનિસીપાલ્ટી કાઉન્સીલર,
ધડાકેથી ધ્રુસ્યા ઘર, વસાંયા શાંતિને આઝાદ નગર.

છન્નુજો દુકાર હાજા ગગડાંય ને કચ્છમેં મચાંય હાહાકાર,
કાકા શ્રી વાલજી લધાજા પ્રતિનિધી થૈ, દામજીભાઈ વ્યા કચ્છ મોજાર.

ઠેર ઠેર ચોપેલાં ચરો ને, માડુએંકે ડિના અન્ન,
તેલાં ખરચ્યાં વાં, ગજે ઉપરાંતજા અઢળક ધન.

હી ન્યારે કચ્છજો રાજાચેં, ક્યાં અંઈ જભરા કમ,
મુંજા વાણીયા નાંય ભુલ્યા, વહાલો પિંઢજો વતન.

દુકારકે ઓકાર્યાં ને વખણાયા દામજી જેઠાજા કમ,
કચ્છજા મહારાવશ્રી તેલાં ઈનીકે બિરુદ ડીના રાજ-રતન.

ભલારા ડાડેંજા વંશજ, ઠાકરશી વેરસી પાસુ,
મડઈ મેં બધાયાં દેરાસર, અપાસરો બધ્યાં ખાસું.

સુથરી મેં દામજી મેઘજી, બધાયાં પ્રાથમિક શાળા,
ભારમલ મેઘજી જે નાલે બધાયાં, ઉપાશ્રય જેઠાભાં.

સંઘવી ગોવિંદજી લખમશી, ડેરી બધાયાં ગામ,
ધર્મ કાર્ય મેં પહેલક્યાંને, રખ્યાં પિંઢજો નામ.

નિષ્ઠાવાન આગેવાન સુવહીવટશી પાથર્યાં ગોવિંદજી સુત પ્રતાપ,
સર્વોદય મંડળ મુલુન્ડ ને મુંભઈ મહાજન દ્વારા ક્યાં જ્ઞાતિ સેવા અમાપ.

સુથરીજા થૈ શિરોમણિ, ખૂબ વધાર્યા ગામજી શાન,
ક્યાં સેવા વડે મનથી, ભવાનજી નરશી પામ્યા અધિકોમાન.

સઠ સઠ વરેથી સેવામેંર્યા લીન, ઈ ભવાનજી ભડવીર,
દાનવીર - સંઘવી - સંઘરત્ન દુર્લભ જેંજો ખમીર.

મુછ્યું રખી વટથી, તેંજો વતાંયાં પાણી,
સુથરીલા ડૈ ભોગ, સેવાજી ક્યાં લાણી.

સંસ્થાએંમેં જિત્ત જિત્ત ફીરધી વૈ પાનખર,
વહીવટ સંભારી ક્યોં સુથરી સંસ્થાએંકે માતબર.

ખાનદાની ખિલે પૈ, ખિલી ખિલી ઇ ચેં ખિલ્લો,
પ્રવૃતિયું બજ કાં પિંઢજો ધંધો ભલો ને કાં સુથરી હલો.

ગામવારાને બાજુજે ગામેવારા ભણે, તેલાં સુથરીમેં કરાયા હાઈસ્કુલ,
કન્યા કેળવણી તેં ડીના ભાર, ને બૈયું કૈ સેવાઉંત કયાં અમૂલ.

જેંજે રગરગમેંવા, સુથરી જે વિકાસ વિચાર,
તન વિઠો હોય મુંભઈ મેં, પણ મન કરે સુથરીલા વિહાર.

અતિથિયેંલા આસરો, ભનાયા સુથરી ગામ,
પદમશી પુંજાને રતનબાઈને હંસરાજ મોમાયા જો, શોભે તેંતેં નામ.

માટુંગા ને લોનાવલા સહસ્ત્રફણા દેરાસરેંજા ટ્રસ્ટી ભની કઢ્યા નામ,
ઈ કલ્યાણજી નરશી છેડા, દિલખોલીને સેવા ક્યાં જામ.

રાયચંદ કારાણી અર્ધી સદી સેવા કરે, પાડ્યાં પિંઢજો પ્રકાશ,
૩૪ વરેથી ચિતરંજનને ૩૨ વરેથી કીર્તિ દિલથી સેવા કંયેતા ખાસ.

સૌ કુસુમબેન હરીશ ધરમશી ભણી ગણીને M.Com. જી ડિગ્રી ક્યાં પાસ,
SNDT કોલેજમેં પેલા વાઈસ પ્રીન્સીપલ ને પોય પ્રીન્સીપલ થ્યા ખાસ.

મુલુંડજા કેવલ શાહ, નિંઢપણથી વિખ્યાત કલાકાર,
મહાભારતજા કનૈયા થૈ, ક્યાં ટી.વી. મેં જય જયકાર.

સુથરીજા સ્નેહી સજ્જન, ઠાકરશી રામજી ભાટે વા ખાદીધારી,
પેલા BE સીવીલ ઇંજીનીયર કરાંચીમેં થૈ, કીર્તિ કમાંયાં ભારી.

કંડલા બંદરજા ચીફ ઈંજીનીયર, બોલે પિંજાવરેજો ઇતિહાસ.
ડેનમાર્ક બ વાર વ્યાવા, મહેકે ઈનીજે કર્મેજી સુવાસ.

વિદ્યાર્થી વયે સ્વાલંબી થ્યા, ભારે જહેમતસેં C.A. થ્યા પાસ,
ઈ વેરસીમાંયા મોતા ચાર્ટર એકાંઉન્ટન્ટથૈ, મુંભઈમેં ના કમાંયાં ખાસ.

વિજયાબાઈ વેરસી આયા કુમકુમ પગલે, જાણે લક્ષ્મીજો અવતાર,
જિજ્જા જિજ્જા દાન-પુન કરે, પુણ્ય કમાયા પારાવાર.

મોહછડી મોકેજી જમીન ડિના શિક્ષણલા, ઇ પ્રેમચંદભાઈ દૌલત,
પરિવારજી નિભાયાં પરંપરા, ધૃતકલોલ દાદાજા સચ્ચા ભગત.

આસીસટન્ટ પોલીસ કમીશ્નર પ્રતાપ પદમશી, પોલિસેંમેં સેવા સવાઈ,
અનેક સાહસ કરી અગ્યા વધ્યા, ખૂબ મેળવ્યાં માન વધાઈ.

દીનેશચંદ્ર ધરમશી અમેરીકન સોસાયટી ફોર મેટલ્સમેં સેવા ક્યાં સારી,
ઈન્ડીયન ચેપ્ટર તરફથી સુવર્ણ ચંદ્રક ને ઈન્ટરનેશનલ એવોર્ડ મિલ્યા ભારી.

પ્રતાપ ધરમશી આરંભ્યા, કોચીંગ ક્લાસથી નંઉ ક્ષેત્ર,
ઉજ્જવલ ભાવિજો ડૈ માર્ગદર્શન, વિદ્યાર્થીયેંજા થ્યા પરમમિત્ર.

સુશ્રાવક રાયચંદ ધરમશી, દાન-જ્ઞાન ને ધર્મધ્યાનજો સંગમ,
બ દેરાસરને ધર્મશાળા ભનાંયાં, ને શેર બજારજી કારકિર્દી હૃદયગમ.

દાની રાયચંદ ભા, સુથરીજી ભોજનશાળા જો કયાં આધુનિકરણ,
સુથરીને દશા નાંતજો કીંથીયે ભલો ? એલો ઈનીજે મનમેં હિકડો હો રટણ.

પદમશી લધુભાઈ સોની વિદ્યાર્થીએંકે ફીલા ને કોલેજમેં ડેના વડો દાન,
સુથરી જે ૧૯૯૨ જે સ્નેહમિલન મેં, પણ ડેનાવા વડો યોગદાન.

જયંતભાઈ સોની ઠેર ઠેર કરે શખાવતું, ખૂબ વધાર્યાં પિંઢજી શાન,
સુથરીજા ઈ ધનવાન, જુકો નાતમેં પામ્યા બહુમાન.

યુવા વયે મુંભઈ મહાજનજા પ્રમુખ થ્યા, સુથરીજા ખોના રાજેન્દ્રભાઈ,
ત્રીજે સંમેલનથી સમસ્તજા સેક્રેટરી જનરલ થૈ, સેવા ક્યાં સવાઈ.

વિનોદ રાયચંદ ધુલ્લા જુકો એળાએળા કમ કરે નાતકે ક્યા ન્યાલ,
અનંતનાથ દેરજો જિર્ણોધ્ધાર ને પ્રતિષ્ઠા, પાર પાડ્યા ઈજ આંજી કમાલ.

દાની સંજયભા ને કલ્પેશ નવીનચંદ્ર, જ્ઞાતી સેવામેં ડીયે જબરો યોગદાન,
જરૂરતમંદ ૧૪૦ વડીલેકે, પેન્શન ડૈ સાથ ડીંયે દયાવાન.

જૈન ધર્મજો અભ્યાસ કરી વિશાલ થ્યા પંડિતને ખૂબ મિલ્યો માન,
ભાવ યાત્રાત એળી સમજાઈયેં, જાણે સામે ડિસજેં આદીનાથ ભગવાન.

મુકેશ કુંવરજી ધરમશી, જેંકે બહુ વલો હો પિંઢજો ગામ,
જે સુથરી પાંજરાપોળલા ભારે જહેમતસેં, ફંડ ફાળો એકત્ર કયાંવાં જામ.

મોતી મિલ્યા અનેક, ઈતાં પાંજા મહેરામણ મોતી
રશ્મિન ચેં અમૂલખ જેંજી સેવા, મિલે ન જોડી ગોતી.

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧. ડાયેટીંગ :** આજકાલ ઓબેસીટી, જાડાપણુ પહેલા કરતાં વધ્યું છે, અને એ હાઈ બી.પી., ડાયાબિટીઝ, હૃદયરોગ, સંધીવાતથી લઈ કેન્સર સુધીની ઘણી બિમારીઓનું કારણ છે. ડૉક્ટરોપણ જાડાપણુ દૂર કરવા પેશન્ટને કહે છે અને અમુક લોકો એના વિશે જાગૃત પણ થયા છે. જાડાપણા માટે બેઠાડુ જીવન અને ખાવાપીવામાં અવિવેક મહત્વના છે.

સતત ૩૦ દિવસ સ્ટ્રિક્ટ ડાયેટીંગ કરવાનું (એટલે કે તળેલી વસ્તુઓ, ફરસાણ, ઘી થી લથબથ મીઠાઈઓ વગેરેનો ત્યાગ અને કેલેરી પ્રમાણે ખાવાનું) બધાને ફાવતું નથી. સતત ડાયેટીંગના જોખમ પણ છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ સાઉર્થન કેલિફોર્નિયાના રીસર્ચરોએ ઉપવાસ પર પ્રયોગ કર્યા અને તારવ્યું કે ૧ મહિનામાં ૫ દિવસ ૩૪ થી ૫૪% જેટલી કેલેરી બળે તો જાણે ઉપવાસ કર્યો હોય એવી સ્થિતિ શરીરમાં પેદા થાય છે. એ સિવાયના ૨૫ દિવસ વોલિંટિયર્સને જે ખાવું હોય એ ખાવાની છૂટ. પ્રયોગને અંતે નોંધાયું કે ડાયાબિટીઝ, હાર્ટડિસીજ અને કેન્સર જેવા રોગોનું જોખમ ઘટ્યું હતું. આહારમાં પ્રોટીન, કાયહાઈડ્રેટ, ફેટ્સ અને માઈક્રોનુયટ્રીયન્ટનું યુનિક સંયોજન કરીને તૈયાર ડાયેટ આપવામાં આવ્યો હતો.

આ દરમ્યાન એજિંગ પ્રોસેસ (ઘરડા થવાની પ્રક્રિયા) ધીમી પડે છે, રિજનરેશનની પ્રક્રિયા સરળ બને છે. દર મહિને નવેસરથી પ્રોગ્રામિંગ કરવા માટે ૫ દિવસ ઉપવાસનો પ્રયોગ ચાલુ રાખવો જરૂરી છે.

બીજી રીત છે અઠવાડિયે ૧ દિવસ ફક્ત છાશ, નારિયેળ પાણી, ફળ, ફળના રસ, વેજીટેબલ સુપ અને પાણી છૂટથી પીઓ. આખો દિવસ પ્રવાહી પર કાઢો. આમ કરવાથી જાડાપણુ તો ઘટશે, શરીરની ટોકસીન બહાર નીકળશે, શરીર શુદ્ધ થશે, પાચનતંત્રના અવયવોને આરામ મળશે અને ઘણી બિમારીઓથી બચાશે. ડાયાબિટિઝવાળાયે ફળના રસ ન લેવા.

**૨. જમ્યા પછી થોડી ઉંઘ :** આપણે ઉઠીએ એના ૬ કલાક પછી કુદરતી રીતે જ આપણા શરીરને થોડીક જપકી ખાવાની જરૂર પડે છે. એ બતાવે છે કે જમ્યા પછી થોડીક ઉંઘ (પોસ્ટ-લંચ નેપ) લેવાનું આપણા શરીરની બાયોલોજીકલ ઘડિયાળનું પ્રોગ્રામ થયેલ છે.

એથેન્સની યુનીવર્સિટીના અભ્યાસમાં જણાયું કે જે લોકો અઠવાડિયામાં ઓછામાં ઓછા ૩ વખત ૩૦ મિનિટની જમ્યા પછીની જપકી ('નેપ') લે છે એ લોકોને હાર્ટડીઝીઝથી મૃત્યુ થવાના ચાન્સ ૩૭% ઓછા હોય છે. આપણામાંના મોટા ભાગના આ સમયે કામકાજમાં રોકાયેલ હોય છે. જમ્યા પછી

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

**સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર**

**કચ્છ-બાયઠ**

આપની વસમી વિદાયને છ-છ વર્ષના વહાણાં વહી ગયા છતાં આપની યાદ ભુલાતી નથી. આપનું પરોપકારી જીવન, સદાય હસતો ચહેરો, કુટુંબ પ્રેમ, મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ, ધર્માનુરાગી, વ્યવહાર કુશલ એવા આત્માને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર**
**મુલજી શીવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર**
**કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર**
**ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર**

**જયશ્રી-રિતેશ, પ્રાપ્તિ-ભાવેશ-ગુંજ-મેહર, નિષિત-કિંજલ-સ્પર્શ**
**મીના-હંસકુમાર, યશેષ-મિતાલી, સચિન, ભદ્રા-નરેશ-વૃષ્ટિ**
**જલ્પા-હિમાંશુ-આર્યન, પુજા-જય-દર્શન-પૂરવ, મનાલી-મિહિર**

## ૨૦મી પુણ્યતિથીએ ભાવભીની પુષ્પાંજલિ



**સ્વ. હિમાબાઈ માલશી મોતા** - વારાપધ્ધર, મુલુંડ

સ્વ. તા. ૩૦-૦૪-૧૯૯૬

**આપની વાત્સલ્યની ઝાંખી છલકાય**
**અમારી આંખો માં ને ભરાય છે પળપળ.**
**આપની સ્મૃતિસભા અમારા હદયમાં**
**એમના દિવ્ય આત્માને પુણ્યતિથીએ**
**સ્નેહભરી શ્રધ્ધાંજલિ....**

લી. દિકરી : સ્વ. જમકુંબાઈ લાલજી પટેલ, સાંધવ
ગં.સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (ધૂમ), નલિયા - ટીટવાલા
દોહિત્ર-દોહિત્રવધુ : અ.સૌ. વિજયાબેન ગોવિંદજી પટેલ, સાંધવ - મુલુંડ

૧૫ મીનીટ એક જગ્યાએ શાંતિથી બેસવું જોઈએ અને પોતાને રીચાર્જ કરી લેવું જોઈએ, શક્ય હોય તો નાની ઝપકી લઈ લેવી જોઈએ. ઘરે હોય એમને તો એ શક્ય છે.

**૩. યાદશક્તિ–અલ્ઝાઈમર્સ :** જેમ મશીનને ચાલતું રાખવું જોઈએ નહીં તો એ જામ થઈ જાય, બગડી જાય, બસ એમ જ શરીર અને મગજનું પણ છે. જેટલું આપણે મગજને વાપરશું એટલું એ સારી રીતે કામ કરશે. સતેજ રહેશે. કોયડા, ગણીતના દાખલા, સુડોકુ, ઉખાણા, જનરલ નૉલેજના સવાલ–જવાબ વગેરે મગજને કસે એવી પ્રવૃતિ કરવાથી મગજ સારી રીતે કાર્ય કરતુ રહે છે, યાદશક્તિ તીવ્ર બને છે.

એક અભ્યાસમાં જણાયું છે કે રોજ પઝલ્સ (કોયડા) ઉકેલવાથી મગજને ખૂબ સારું કામ મળે છે અને તે ડીસેન્શીયા (યાદશક્તિ ઓછી થવી) અને અલ્ઝાઈમર્સ (ભૂલી જવાની મગજની એક પ્રકારની બિમારી) ની અસર ઓછી કરવામાં મદદ થાય છે, બિમારીમાં સુધારો થાય છે.

યાદશક્તિ વધારવા શીખેલી ચીજો (પાઠ, કવિતા કે બીજું કાંઈપણ) બીજાને મોટેથી કહો, રીપીટ કરો. કેનેડાની યુનિવર્સિટી ઓફ મોન્ટ્રિયલના રિસર્ચરો કહે છે કે મોટે મોટેથી બોલવાથી જે જે ચીજ વધુ સારી રીતે યાદ રહી જાય છે, પણ જો એ જ મોટેથી બોલાયેલી ચીજો જાણે કોઈની સાથે વાતચીત કરી રહ્યા હો એ રીતે બોલવામાં આવે તો એનાથી પણ વધુ સારી રીતે યાદ રહે છે. ૪૪ ફ્રેન્સ બોલતા વિદ્યાર્થીઓ પર અલગ અલગ પ્રકારના પ્રયોગ કરીને આ નોંધ્યું. ૧ પ્રયોગમાં મનમાં વાંચ્યું, બીજા પ્રયોગમાં હાઠ ફફડાવીને વાચવું, ત્રીજામાં મોટે થી બોલીને વાચવું અને છેલ્લા પ્રયોગમાં વાંચેલી ચીજો બીજાને કહેતા હો એમ બોલવાનું કહેવામાં આવ્યું. છેલ્લા પ્રયોગમાં સૌથી વધુ યાદ રહ્યું.

**૪. પથરી :** અમુક લોકોને કિડનીમાં પથરી થાય છે ખાસ કરીને ઉનાળામાં પાણી ઓછું પીવાય તો કીડનીમાં ઈન્ફેક્શન, પથરી થાય છે. જેમને કેલ્શિયમ ઓક્ઝેલેટની પથરી થતી હોય એમણે રોજ કોળાં (ડાંગર–'પમ્પકીન') ના થોડા બીયા ખાવા જોઈએ. બીયા ખાવાથી પથરી થતી નથી.

શરીરમાંથી ઝેર–ટોકસીન્સ દૂર કરવા, કિડનીની સફાઈ કરવા સાવ સસ્તો અને સહેલો ઈલાજ છે. કોથમીરને સ્વસ્છ પાણીથી ધોઈ, બારીક કાપી, પાણીમાં નાખી પાણીને ગરમ કરો. રોજ ૧ ગ્લાસ આ નવસેકું પાણી પીઓ. પેશાબમાં બારીક બારીક કણ નીકળી કીડની સ્ટોનમાં રાહત મળે છે અને નાના સ્ટોન દૂર થાય છે. ૧૫ દિવસ આ પ્રયોગ કરવાથી ફરક જણાશે.

**૫. કાળી ચા :** આજ કાલ ખાનપાન, રહેણી કરણીને લીધે ઝેરી તત્વો વધતા જાય છે. એ દૂર કરવા ૧ કપ પાણી સ્ટેઈનલેસ સ્ટીલ કે કલાઈ કરેલા વાસણમાં ઉકળવા મુકવું. તેમા દાર્જીલિંગ કાળી પત્તી ચા (ભૂકી વાપરવી નહી) નાખવી. અડધું પાણી બળી જાય પછી આ કાળી ચા (દૂધ અને સાકર વગરની) ગાળી લેવી ને એમાં અડધો કપ પાણી નાખી સવારે ખાલી પેટે પીવી. મોળ આવે તો સંચળ વરીયાળી કે ડાયાબિટીઝ ન હોય તો સાકર મોમાં મૂકી શકાય. ૧૫ મિનિટ પછી નાસ્તો કરી શકાય. આવી રીતે ૧૫ દિવસ પીવીથી કિડની બરાબર કામ કરશે, શરીરના ઝેરી તત્વો નીકળી જશે.

૫૦ દેશોના ૧ નવા અભ્યાસમાં જણાયું છે કે જે લોકો કાળી ચા (દૂધ અને સાકર વગરની) વધુ પીએ છે તેઓ મેટાબોલીક સીન્ડ્રોમથી સૌથી ઓછા બિમાર થાય છે. આમાં હાઈ બી.પી. ડાયાબિટીઝ, હૃદયરોગ, જાડાપણું, હાઈ કોલેસ્ટ્રોલ બિમારીઓ હોય છે જે કાળી ચા પીનારને સૌથી ઓછા લાગુ પડે છે.

અભ્યાસમાં જણાયું છે કે જેટલી કાળી ચા વધુ પીઓ એટલું આ બિમારીઓનું પ્રમાણ ઓછું. જાડાપણુ પણ ઘટે છે. દુધ ખાસ કરીને દુધની મલાઈ અને સાકર આરોગ્યના દુશ્મન છે માટે ફક્ત કાળી ચા પીઓ અને આરોગ્ય મેળવા.

**૬. સ્ટ્રોક :** એક અભ્યાસમાં જણાયું છે કે રોજ ૧ કપ કોફી પીવાથી સ્ટ્રોક (મગજના અમુક ભાગને લોહી ન મળવાથી એ ભાગ નકામો થાય અને લકવા જેવી તકલીફ થાય તે બિમારી) થવાની શક્યતા ૨૦% ઘટી જાય છે. જેઓ રોજ ૨ કપ ગ્રીન ટી પીએ એમને સ્ટ્રોક થવાની શક્યતા ૧૪% ઘટી જાય છે અને જેઓ રોજના ૪ કપ ગ્રીન ટી પીએ એમને ૨૦% સ્ટ્રોકની શક્યતા ઘટી જાય છે.

**૭. સુખી પરિણીત જીવન :** એક અભ્યાસમાં જણાયું છે કે જેઓ સુખી પરિણીત જીવન જીવતા હોય તેઓ બંને પતિ–પત્ની વધુ નિરોગી હોય છે. અમેરિકાની યુનિવર્સીટીના પ્રોફેસર ક્રીસ્ટીન પ્રાઉલસે ૧૯૮૭માં ઘણા સમયથી લગ્ન થયેલ હોય એવા ૭૦૭ યુગલ પર ૨૦ વર્ષ માટે આખા દેશમાં અભ્યાસ શરૂ કર્યો. એમાં પરણેલાના આરોગ્ય અને લગ્નજીવનની ક્વાલીટી વચ્ચેના સંબંધનો અભ્યાસ હતો એમણે શોધ્યું કે પતિ–પત્ની વચ્ચેના હકારાત્મક કે નકારાત્મક સંબંધો, દરેક તબક્કે આરોગ્યપર અસર કરે છે.

આ અભ્યાસ પરથી એ તારણ નિકળે છે કે જેમ ઉંમર વધે તેમ આરોગ્યપર અસર થાય માટે યુગલે પોતાના વિવાહિત

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વતનના મુળ ગામોમાં જાગીએ આપણી વસતિ ચિંતાજનક રીતે ઘટી રહી છે અને અન્યત્ર પણ જ્યાં આપની વસતિ અલ્પ છે ત્યાં નવા બાંધકામ/જાળવણી પાછળ થતાં લખલુટ ખર્ચ યોગ્ય છે ? ચિંતાની સાથે ચિંતનનો વિષય ખરો ?

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND




## હર શુભ પ્રસંગે શ્રી ગૌતમસ્વીમીયે નમઃ

પૂરાતન કાળથી આપણા લગ્ન હિંદુ બ્રાહ્મણો કરાવે છે, તેઓશ્રીની સ્વ-સમજ કે હિંદુ ધર્મના પ્રચાર પસાર કરવાના ઈરાદે લગ્ન-પત્રિકા અને વેદોચ્ચાર વિધીએ ''શ્રી ગણેશાય નમઃ'' લખાવે અને આપણે જૈનો પણ પત્રિકા કે ઘર બારણે એ લખતા રહ્યા છીએ. ગણેશજી ને વિઘ્નહર્તા દેવ જાણી સૈકાઓથી આ રસમ ચાલુ રાખી છે. તો...ય છૂટા છેડા, વિઘ્નો તો કર્મ સત્તાએ આવેજ છે.

આપણા સર્વ શ્રેષ્ઠ ધર્મમાં હર વિઘ્નહર્તા એવા ''અનંત-લબ્ધિ-નિધાન એવા ગૌતમસ્વામિ છે જ. તો આપણે શ્રદ્ધા અને જૈનત્વની ખુમારીએ નવા વરસના ચોપડામાં લખીએ છીએ શ્રી ગૌતમ સ્વામીની લબ્ધિ હોજો.'' તેમ લગ્ન પત્રિકા અને ગૃહ દરવાજે ''શ્રી ગૌતમ સ્વામીયે નમઃ'' લખવાના આગ્રહી થવું જ જોઈએ પછી જૂઓ એ વિઘ્નહર્તા ગુરૂદેવનો પરચો.

**– લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડુપ

---

જીવનને બને એટલું સુખી બનાવી ફાયદા લેવા જોઈએ. કોઈ પોતાના જીવનસાથી સાથે સુખશાંતિથી જીવતો હશે અને કદાચ ૧ સાથીને કેન્સર કે એવી કોઈ બિમારી થાય તો કેન્સર મટશે નહીં પણ બંને પતિ-પત્નીએ અહમ્‌ભાવ છોડી, એકબીજાના સુખદુઃખનો વિચાર કરી સુખી વિવાહીત જીવન જીવવું.

**૮. સ્કીન ડોનેશન :** બળવાની પીડા તો જેણે અનુભવી હોય એજ જાણે. જ્યારે કોઈપણ અકસ્માતમાંથી દાઝી જાય તો બળેલા ભાગપપર સતત પાણી રેડવું જેથી બળવાની પીડા ઓછી થાય. બીજા કોઈની મદદ લઈ એ ભાગ પર બરફ ઘસવો કે બટાટાની છીણ (ખમણ) કરી લગાવવી. બ્લેંકેટથી ક્યારેય એને ઢાંકવું નહીં કારણ કે બ્લેંકેટથી અંદર ગરમી ઉત્પન્ન થઈ વધુ નુકશાન થશે, ઈન્ફેક્શનનો ડર રહે છે. સ્વચ્છ કોટનના પાતળા કપડાથી ઢાંકી શકાય. બળવાથી કપડા શરીરને ચોંટી ગયા હોય તો એ કાઢવાનો પ્રયત્ન ન કરવા. વ્યક્તિ જરાક જ બળી હોય તો એન્ટીસેપ્ટીક લગાડો નહીં તો હોસ્પિટલ લઈ જાઓ.

વધુ બળ્યા હોય એવી વ્યક્તિને સ્કીન ગ્રાફટીંગ (બીજાની ચામડી ત્યાં લગાડવી.) કરવામાં આવે છે. ૧૮ વર્ષ થી ઉપરની એચ.આઈ.વી. જેવી ચેપી બિમારી ન હોય એ દરેક મૃત્યુ પછી ચામડીનું દાન કરી શકે અથવા મૃત્યુ પામેલાના નજીકના સગા મૃતકની ચામડીનું દાન કરી શકે. ચામડી ૨૪ કલાકમાં કાઢવી જોઈએ. સાથળ, પેટ, પીઠ અને પગની ચામડીની પાતળી લેયર સર્જન કાઢે છે. કોઈ ખાસ ટેસ્ટની જરૂર નથી પડતી. ૪૫ મિનીટની અંદર એ લેયર બળેલી વ્યક્તિને હાર્વેસ્ટ કરવામાં આવે છે. એનાથી એ વ્યક્તિને બહારના ચેપ લાગવાને ભય ઘટે છે, પીડા ઘટે છે, સાજા થવાની પ્રક્રિયા ઝડપી થાય છે, એના જીવવાના ચાન્સ વધી જાય છે.

**૯. અંજીર :** અંજીર ખાવાથી એમાં સારી પોટેશ્યમના લીધે હાઈ બી.પી. કન્ટ્રોલમાં રહે છે, ટ્રાઈગ્લીસરઈડ (ચરબી) લોબીમાં ઘટે છે. મોટી માત્રામાં ફીનોલ એન્ટીઓક્સીડંટ હોવાથી ફ્રી રેડીકલ્સને લીધે શરીરને જે નુકશાન થાય છે તેની સામે શરીર લડે છે. ડાયેટરી ફાયબર હોવાથી પેટ ભરાવાનો સંતોષ થાય છે. વજન ઘટે છે, પાચન સુધરે છે. ઈરીટેબલ બોવેલ સીન્ડ્રોમ નામની બિમારીમાં રાહત થાય છે.

અંજીર અલ્કાલાઈન હોવાથી લોહીનું એસીડ લેવલ ઘટાડે છે. જે આપણને નીરોગી રાખે છે. લોહીની ઉણપ દૂર કરે છે. એમાં કુદરતી સાકર હોવાથી ડાયાબિટીઝવાળા નાસ્તામાં લઈ શકે છે. એમાં રહેલ મેગ્નેશીયમ હાર્ટને નીરોગી રાખે છે. પેકટીન નામનું સોલ્યુબલ ફાયબર કોલેસ્ટ્રોલ ઘટાડે છે, ઓમેગા-૩ અને ૬ ફેટી એસીડ હ્રદયરોગ થતા અટકાવે. ચામડીનું આરોગ્ય જળવાય છે. સીઝનમાં અંજીર અને બાકી સૂકા અંજીર નિયમિત ખાઓ.

**૧૦. સ્માર્ટ ફોન :** સ્માર્ટ ફોન વધુ વાપરતા બાળકોમાં માથાને દુઃખાવો, હાથમાં, કાંડામાં દુઃખાવો, ૨જી કે ૩જી આંગળીમાં સંવેદના ઓછી થવી કે હાથની પકડ ઓછી થવી, પીઠ દુઃખવી, ગરદન દુઃખવી, આંખો સૂકાવી, કમર દુઃખવી જેવી અનેક તકલીફો થાય છે.

બોમ્બે હોસ્પિટલના ડૉ. મુકેશ સંકલેચા કહે છે ૭ થી ૧૬ વર્ષની ઉમરનામાં કમરનો દુઃખાવો ૩ ગણો વધ્યો છે. લાંબા સમય સુધી ગરદન ઝુકાવી મોબાઈલ જોવાથી ગરદન, પીઠના ઉપરના ભાગના સ્નાયુપર લાંબા સમય સુધી તાણ રહે છે, ખેંચાય છે, થાકે છે, માથું દુઃખે અને બીજી તકલીફો થાય. યોગ્ય સમયે ઈલાજ ન થાય તો જોખમી તકલીફો થાય. ખભો એડજસ્ટ કરવાથી ખભો, આંગળીઓ દુઃખે છે.

૧૨ વર્ષથી નીચેનાએ ૩૦ મીનીટથી વધુ મોબાઈલ ન વાપરવો. વધુ વખત સ્માર્ટ ફોનપર ટાઈપ કરતા કાંડા અને અંગુઠામાં દુઃખાવો થઈ શકે. બાળકો અને મોટાઓએ પણ મિલનસાર, ફીજીકલી એક્ટીવ થવું જોઈએ, મોબાઈલ ઓછું વાપરવું. મોબાઈલને આંખની લેવલપર વાપરવો જેથી બહુ ગરદન, શરીર ઝુકાવવું ન પડે. ખભા અને માથાની વચ્ચે મોબાઈલ વધુ સમય રાખનારે પણ ચેતવું જોઈએ, નેક સ્પ્રેઈન અને સમય જતાં, સ્લીપડીસ્ક, ગાદી તુટવી, કે ચિરાઈ જવી આ તકલીફો થઈ શકે. ગરદનને દરેક દિશામાં ફેરવો અને નિયમિત કસરત કરો અને બાળકો અને મોટાઓએ સ્માર્ટફોન વાપરવામાં વિવેક જાળવો, મર્યાદિત સમય માટે જ વાપરો.

## ચોવકની ચુસ્તતા તેના નિશ્ચિત શબ્દોમાં છે...

'કચ્છી ચોવકો'નું રૂપ નિશ્ચિત હોય છે અને તેમાં વપરાતા શબ્દો પણ નિશ્ચિત હોય છે. એક કહેવત ઉદાહરણ રૂપે જોઈએ : **'અંધી ડરે ને કુતો ખાય' અર્થ એ થાય છે કે,** ''આંધળી દળણું દળે ને કૂતરા લોટ ખાઈ જાય.'' આ રૂપમાં ફેરફાર શક્ય નથી. આપણે એમ પણ ફેરફાર ન કરી શકીએ કે ''અંધી ડરેતી તે કુતો ખાય તો.'' આ રીતે કહેવતીની ચૂસ્તતા તેના શબ્દોમાં છે. હવે કચ્છી ભાષાનાં બીજાં ઘણાં રૂઢિપ્રયોગને કહેવત સાથે સરખાવીએ તો રૂઢિપ્રયોગ પૂર્ણ નથી હોતા કહેવત પૂર્ણ હોય છે તેમાં ઉદેશ અને વિધેય બંને પદોનું પૂર્ણ વિધાન હોય છે એટલે તેને અન્ય કોઈ માધ્યમની જરૂર જ રહેતી નથી. આ એનું જીવંત ઉદાહરણઃ 'ટાંકા ટુટી વ્યા'' આપણે ગુજરાતીમાં ઘણીવાર એવો એક પ્રયોગ કરીએ છીએ 'ગાભા કાઢી નાખ્યા' બસ એ જ અર્થમાં !

ગયે અઠવાડિયે 'ચબેલા ડેનેલી અલચીજા હાણે છોતરા પણ નહીં ર્યા વેં'... અભિપ્રેત અર્થ જોઈ લઈએ.

**'ઢીંગલે ઢૂંઢેલા વિઈ, ને ઉઠ કંઢાણી કોરીપિઈ'** આ કહેવત કરતાં તેનો અર્થ ઓછા શબ્દોમાં વ્યક્ત થઈ જાય છેઃ થોડું કરવા જતા મોટું નુકસાન થવું થોડું વિગતે ''વાડામાં ઘુસી આવેલો ઊંટ કઢાવવાનું મહેનતાણું ઢીંગલો ઠરાવ્યું. પણ ઊંટે જે નુકસાન કર્યું એ કોરી પર પહોંચ્યું.'' ઢીંગલા કરતાં કોરીનું ચલણ મૂલ્યવાન હતું.

બીજી કહેવત એવી છે કે જે ગરીબ કે તવંગર કોઈને પણ લાગુ પડે છે. **''ડોકડેડુકાર, સજણે જો સુગાર''** રૂપિયે પૈસે ઘર નબળું હોય પણ સજ્જનતાની સુવાસ તેમને શ્રીમંતોની હરોળમાં મૂકી દે છે. આવી સજ્જનતાની વાત આવી છે તો આ કચ્છી કહેવતને કેમ ભુલાય ?

**''જગ બત્રીસી મથે ચડ્યો સે વ્યો''**

વાત અતિરેકની પણ આય સમાવિષ્ઠ છે જગ બત્રીસી એટલે બહુ નામના, અને એવી નામના કે વ્યક્તિ સંપૂર્ણપણે તેને લાયક ન હોય, ત્યારે આવી ઊંચાઈ પર ચઢનાર ગમે ત્યારે 'ભફ' થઈ જાય છે ! આ કહેવતનો સીધો અર્થ થાય છેઃ ''દુનિયામાં ટીકા થવી.''

આ કહેવત હતી. આ વિષયને સ્પર્શતો જ એક રૂઢિપ્રયોગ કચ્છીમાં વપરાય છેઃ **'કારી ટીલી લગણી'** એટલે કે કલંક લાગવો, આબરુને દાગ લાગવો.

ગુજરાતીમાં આપણે કહીએ કે પહેલા પ્રયાસે જ સફળતા તેને કચ્છીમાં કહેવું હોય તો **'ધકસા બિમણા'** ધકસા એટલે એકજ વારમાં, પ્રથમવારમાં બિમણા એટલે બમણા. ટૂંકમાં તરત જ ફાયદો થવો. અહીં આર્થિક ફાયદાનો અર્થ અભિપ્રેત છે.

બાકી તો, જેની નિયત ખરાબ હોય છે, એ લોકો ભાગ્યે જ રોટલા ભેગા થતા હશે. કચ્છીમાં આ રીતનો પ્રયોગ છે, તેમના માટે **'નીથ ભધ ત યા ની અધ'** નીથ એટલે નિયત 'ભધ' એટલે 'ખરાબ' માની એટલે 'રોટલો' અને 'અધ' એટલે 'અડધો.' ખરાબ નિયતવાળા અડધા રોટલા ભેગા પણ ન થાય ! આવા સંજોગોમાં એક કચ્છી કહેવત માર્ગદર્શન આપતાં કહે છેઃ **'થીયોં સઈ ડિસ કે સામા'** સાચી દિસા પકડો, કે સાચી દિશામાં પ્રયાણ કરો. 'સઈ' એટલે 'સાચી' અને ડિસ એટલે 'દિશા.'

એમ કરતાં પણ જેટલું ભાગ્યમાં લખ્યું હશે, તેટલું જ મળશે, જેવાં કામ કરીએ તેવું ફળ મેળવીએ. ચોવક શું કહે છે ?

**'ધરમી ધરમ કરે, નેં પાપી પેટ ફટે'**

જેવા કર્મ તેવાં ફળ. જો કામ જ બરાબર ન કર્યું હોય તો વળતરની આશા કેમ રાખી શકાય ? આ કચ્છી ચોવક સાવચેતી આપતાં સ્પષ્ટ કહે છે. **'તો ડે ત્રિમણા, બૉડે બિમણા'** આવા સંજોગોમાં વળતરની આશા રખાય જ નહીં કામ કોઈ દહાડે સરખું ન કરે અને દરેક કામમાં એકનું બીજું' જ કરી આવનાર વ્યક્તિ માટે કહેવાય કે **'નોંચ નોંચ જા બ'** કામ કંઈક કરવાનું હોય અને કરી આવે કંઈ જુદું જ !

– **કિશોર વ્યાસ,** મુંબઈ સમાચારમાંથી સાભાર

### સાભાર સ્વીકાર : કચ્છ-અર્પણ

'કચ્છ-અર્પણ' ના ફેબ્રુઆરી – ૨૦૧૬ના અંકમાં મુખપુષ્ઠ પર કચ્છના એક ભવ્ય સ્થાપત્ય 'વડી મેડી'ની તસ્વીર નયનરમ્ય છે. તંત્રીલેખ કચ્છી ભાષા અને લિપિ વિષે છે. શ્રી ગુણવંતરાય આચાર્ય રચિત સાગરકથા 'દરિયાલાલ' શરૂ થઈ રહી છે. 'નાની બચતનાં પાંચ સુત્રો', દિવાળીમાં કચ્છમાં કેવો જલસો પડતો હતો તેની યાદ રવિ પેથાણી 'તિમિર' આપે છે. ડૉ. ગુલાબ દેઢિયાની કૃતી 'સાંજની દોટભરી ઝાંઝરવેળ', 'સાચું કહું તો...' ડૉ. ગિરીશ વીછીવોરા 'નવી પ્રવાસન નીતિ....', 'કમાલ કચ્છી વાણી'માં ડૉ. વિસન નાગડાએ કચ્છીનાં નવા શબ્દોનું જ્ઞાન આપ્યું છે. કચ્છનાં સાહિત્ય રત્નોમાં વિશ્રામ ગઢવીએ કચ્છનાં વિવિધ ભક્ત કવિઓની કથા કહી છે. કચ્છી ચૉવકો (કહેવતો)ને રજુ કરતી કોલમ 'ચૉવક કથા'માં 'માંક જો મુલ' સાથે લાલજી મેવાડા 'સ્વપ્ન' નવી ચોવકની વાત રજુ કરી છે. 'આપણી વિરાસતો'માં પ્રમોદ જેઠી દ્વારા અબડાસાના તેરા નજીક આવેલ જામ હમીરજીની છતરડીની વાત છે.


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## સિસિલીનું પૌરાણિક પાટનગર : પાલેર્મો – ૨૮મા પાનાથી ચાલુ

મોઝેઈકનું આનાથી પણ ચડે એવું કામ પોલેર્મોથી થોડે દૂર આવેલા મોનરિયલ કેથેડ્રલમાં જોવા મળે છે. ઊંચી છત પર કોતરકામથી શોભતી કમાનો, નોસેનરી મોઝેઈક અને પ્રસિદ્ધ ચિત્રકારોનાં ચિત્રોથી શોભતા મોનરિયલ કેથેડ્રલની ગણના દુનિયાના સૌથી સુંદર નોર્મન ચર્ચિઝમાં થાય છે.

ઈટાલીનું સૌથી મોટું ઓપેરા થિયેટર માસિમો પોલેર્મોમાં છે. બહારથી ગ્રીક શૈલીનું સ્થાપત્ય અને અંદર ભીંતચિત્રો, લાકડાંની પૅનલો, લાલ જાજમ વગેરેને લીધે એ ભવ્ય લાગે છે. પાલેર્મોના અમારા રોકાણ દરમિયાન કોઈ પ્રયોગ નહોતા પણ આઠ યુરોમાં થિયેટરની ટૂર મળતી હતી તે અમે લીધી. ગૉડફાધર-૩નું શૂટિંગ અહીં થયું હતું.

પાલેર્મોમાં ત્રણ ખુલ્લી માર્કેટો છે જે ૭૦૦ થી ૮૦૦ વર્ષ જૂની છે. અમે વુચીરિઆ અને બેલરો માર્કેટની મુલાકાત લઈ સ્થાનિક લોકોની જીવનશૈલીમાં ડોકિયું કરી લીધું. લોકો રસ્તા પર મળતી વાનગીઓ આનંદથી ઝાપટે છે. બધા જણ ઈંગ્લિશ નથી બોલતા, પરંતુ પોતાના ભાંગ્યાતૂટ્યા ઈંગ્લિશમાં પણ આપણે કંઈ પૂછીએ તો જવાબ આપવા પ્રયત્ન કરશે. વળતાં ટેક્સી લીધી ત્યારે અમારી ટેક્સીને થોડો ટ્રાફિક નડતાં ટેક્સી ડ્રાઈવરે બળાપો કાઢ્યો, પાલેર્મોમાં દરસ લાખ માણસો, વીસ લાખ કાર અને ત્રીસ લાખ ટુ વ્હીલર્સ છે !

કાપુચિન કૅટકોમ જોયા પછી ભૂલી ન શકાય એવું સ્થળ છે. એક ભોંયરામાં વીતેલા જમાનાનાં કપડામાં સજ્જ આઠ હજાર મમીઓની (મસાલા ભરેલા શબ) વચ્ચે ઊભા રહેવાનું! દીવાલો પર લટકતાં શબ, અભેરાઈઓ પર શબોની કતાર, કૉફિનમાં સંઘરાયેલા શબ, હાડપિંજર થઈ ગયેલા શબ, અંદર ભરેલું ઘાસ બહાર નીકળી આવ્યું હોય એવાં શબ, બાળકોના શબ! ત્યાંથી ભાગી છૂટવાનું મન થાય એવું દૃશ્ય! શરૂઆતમાં આ શબઘર સાધુઓ માટેનો મઠ હતો. પણ ધીરે ધીરે ત્યાં મમીફાય કરીને શબ રાખવું એ અમીર ઉમરાવોમાં મોભાનું પ્રતીક ગણાવા લાગ્યું. ઘણા પોતાના વિલમાં પોતાને કેવાં કપડાં પહેરાવવાં અને કેટલા સમયાંતરે કપડા બદલતા રહેવાનું તે પણ જણાવતા. મૃતાત્માઓના સગાંવહાલા અહીં આવીને તેમના માટે પ્રાર્થના કરતાં અને શબનું ધ્યાન રાખતાં. ત્રણ યુરો ચૂકવીને અમે કૅટકોમમાં પ્રવેશ મેળવ્યો. ફોટોગ્રાફ પાડવાની મનાઈ હતી. મને ફોટા પાડવાની ઈચ્છા પણ ન થઈ. બહાર નીકળતાં મને વિચાર આવતો હતો, આ રીતે શબને જાળવવાનો શો અર્થ? આ વ્યક્તિઓ પોતાને આ હાલતમાં જોઈ શકે તો શું વિચારે? જો કે આ ભોંયરામાં વાસ કે ગંદકી નથી. ૧૯૧૮માં જન્મીને બે વર્ષની વયે મૃત્યુ પામેલી એક બાળકીનું શબ આપણને લાગે કે જાણે હમણાં ઊઠશે એટલી સારી હાલતમાં સચવાયું છે.

કૅટકોમમાંથી નીકળ્યા બાદ ખુલ્લી તાજી હવાની જરૂર હતી. અમે શહેરની સૌથી નજીકના દરિયા કિનારા મોન્ડેલો પર ગયા. દરિયાના વાદળી-લીલા રંગના પાણીની સુંદરતાએ અમારાં મન હળવાં કર્યાં. સિસિલી એના સુંદર દરિયાકાંઠાઓ માટે પ્રખ્યાત છે પાલેર્મોથી એકાદ કલાકના અંતરે જવા જેવા બીજા દરિયા કિનારા પણ છે.

• પાલેર્મોમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ છે, યુરોપના ઘણા દેશોમાંથી પાલેર્મો માટે ફ્લાઈટ લઈ શકાય છે. ભારતથી સીધી ફ્લાઈટ નથી મળતી, પ્લેન બદલવું પડે છે. • રહેવા માટે ઘણી અને વિવિધ પ્રકારની સ્તરની હૉટેલ્સ છે. વેજિટેરિયન ખાણા માટે વેરાઈટી ઓછી પણ મળી રહે છે.

---

## વનિતા વિશ્વ : **પરિણીત હિન્દુ સ્ત્રી સાસરા અને પિયર બંનેના એચયુએફની સભ્ય રહી શકે છે** – ૧૩મા પાનાથી ચાલુ

એચયુએફની રચના માટે દરેક વખતે બે પુરુષોની જરૂર નથી હોતી.

જો કોઈ હિન્દુ કુટુંબ ખૂબ મોટું હોય તે કુટુંબનું એક મોટું એચયુએફ હોઈ શકે છે. જેમાં કુટુંબના દરેક સભ્ય મેમ્બર હોય. તે ઉપરાંત કુટુંબમાં પરિણીત સંતાન ધરાવનાર પુરુષ હોય તો મોટા એચયુએફને ઉપરાંત તેનું પોતાનું પણ અલગ એચયુએફ થઈ શકે છે. પહેલાને મોટું એચયુએફ કહેવાય છે અને બીજાને નાનું એચયુએફ કહેવાય છે. મોટા એચયુએફનો પુરુષ સભ્ય પોતાના એચયુએફનો કર્તા પણ બની શકે છે. એચયુએફમાં કોઈ પણ પુરુષ વ્યક્તિ હયાત ન હોય તો પણ તે એચયુએફ ચાલુ રહી શકે છે.

કોઈ પણ એચયુએફમાં ફક્ત એક જ પુરુષ હોય, તેનું અવસાન થાય અને ફક્ત સ્ત્રીઓ જ હયાત હોય તો પણ તે એચયુએફ કાયદેસર રીતે ચાલુ રહી શકે છે.

એચયુએફમાં હિસ્સો ધરાવતો/ધરાવતી કોઈ પણ સભ્ય પોતાની ઈચ્છા પ્રમાણે કુટુંબના બીજા સભ્યો વીલ મારફત પોતાનો શેર આપી શકે છે.

– **શ્વેતા ત્રિવેદી**, 'જન્મભૂમિ'માંથી સાભાર

### તેરા – પર્યુષણ જાહેરાતમાં સુધારો

પ્રકાશ-સમીક્ષાના અંક નં. ૧૬માં પ્રગટ થયેલ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ, તેરાની જાહેરાતમાં પર્યુષણ પર્વના પ્રારંભની તારીખ ૩૦-૮-૨૦૧૬ વાંચવી.

## મહાભારતના નોખા પાત્રની અનોખી વાત : કર્ણની પત્ની

હમણાં એક સરસ પુસ્તક વાંચવા મળ્યું, "Karna's wife - The Outcast's Queen". કવિતા કાણે દ્વારા લિખિત આ એક અંગ્રેજી પુસ્તક છે. જે લોકોને પુરાણકથાઓ ગમતી હોય, એમણે જરૂર વાંચવા જેવું આ પુસ્તક છે.

સામાન્ય રીતે મહાભારતની જ્યારે વાત થાય ત્યારે કૃષ્ણ, પાંડવો, કૌરવો, કુંતી, દ્રોપદી અને કર્ણ આ બધા સૌથી વધારે ચર્ચાયેલાં મહાભારતનાં પાત્રો વિશે જ થાય છે. પણ આ પુસ્તકમાં ક્યારેય ન ચર્ચાયેલ કર્ણની પત્ની - ઉરુવી વિશે એટલી બધી રસપ્રદ વાતો છે, જે વાચકને જકડી રાખે છે. ૩૧૦ પાનાંનું આ પુસ્તક એક જ બેઠકે પૂરું કરવાનું મન થાય એવું છે.




ઉરુવી પુકેયાની રાજકુમારી છે. એકદમ સુંદર, સુશીલ, બુદ્ધિમાન અને સંવેદનશીલ સ્વભાવની ઉરુવી પ્રથમ નજરે જ કર્ણ તરફ આકર્ષાય છે. હસ્તિનાપુરમાં ક્ષત્રિયો માટે યોજાયેલ ધનુર્વિદ્યા હરીફાઈ જોવા આવેલી ઉરુવી માતા કુંતી પાસે બેઠી છે અને કર્ણ તેની અસામાન્ય કુશળતાના કારણે ધનુર્વિદ્યા અને સુંદરતામાં પણ અર્જુન કરતાં ચડિયાતો સાબિત થાય છે. ઉરુવી કુંતીને પૂછે છે કે - ''મા, આ કોણ છે?'' પરંતુ, વિચારોમાં ખોવાયેલી કુંતી એનો જવાબ આપી શકતી નથી.

ઉરુવી કુંતીને 'મા' જ સંબોધે છે. કારણ કે કુંતી અને ઉરુવીની માતા શુભ્રા બાળપણની સહેલીઓ છે. હસ્તિનાપુર તથા પુકેયાના રાજકીય સંબંધો પણ ઘનિષ્ઠ છે. કુંતીને ઉરુવી માટે એટલી બધી લાગણી છે કે એ શુભ્રાને કહે છે પણ ખરી કે ઉરુવીને પરણાવીને હું મારા ઘરમાં જ લાવીશ !! પરંતુ, પ્રથમ નજરે પ્રેમમાં પડેલી ઉરુવી નક્કી કરે છે કે - પરણીશ તો કર્ણને જ !!

ઉરુવીનો સ્વયંવર યોજવાનું નક્કી થાય છે. ઉરુવી પોતાની મનની વાત માતા-પિતાને કરે છે, બધી જ રીતે યોગ્ય હોવા છતાં ''સુતપુત્ર'' હોવાને કારણે તેઓ ઉરુવીને કર્ણ સાથે લગ્ન ન કરવા સમજાવે છે. પરંતુ ઉરુવી એના નિર્ણયને મક્કમપણે વળગી રહે છે. છેવટે પિતાની લાડલી હોવાથી અંગના રાજા કર્ણને પણ આમંત્રણ મોકલવામાં આવે છે. આમંત્રણ પત્રિકા મળવાથી કર્ણને પણ નવાઈ લાગે છે, પરંતુ આ સુંદર રાજકુમારી વિશે એટલું બધું સાંભળ્યું હતું કે એને જોવાના કુતૂહલ માત્રથી સ્વયંવરમાં હાજરી આપવા જાય છે. બધાને એમ જ હતું, ખુદ અર્જુનને પણ કે, ઉરુવી અર્જુનને જ વરમાળા પહેરાવશે !!

બધાના આશ્ચર્ય અને વિરોધ વચ્ચે ઉરુવી કર્ણને વરમાળા પહેરાવે છે. પાંડવોથી અને ખાસ તો અર્જુનથી આ સહન નથી થતું કે કોઈ રાજકુમારી એના બદલે બીજાને પસંદ કરે, અને એ પણ એક 'સુતપુત્ર'ને. એક ક્ષત્રિય રાજકુમારી 'સુતપુત્ર'ને પરણે? પરંતુ, કુંતી એક જ એવાં હતાં કે આ સંબંધને સહજતાથી સ્વીકારી શક્યાં.

ઉરુવી કર્ણ સાથે અંગ રાજ્યમાં વસે છે. કર્ણ પહેલેથીજ પરણેલો હતો. પહેલી પત્નીનું નામ વૃશાલી. શાંત અને સમજદાર વૃશાલી ઉરુવીને આવકારે છે. બંને એકબીજાને સ્વીકારે છે, પણ એમના સંબંધોમાં ઉમળકો ક્યારેય નથી આવતો. ધીરે-ધીરે ઉરુવી નવા અને જુદા માહોલમાં ગોઠવાતી જાય છે. કર્ણ પણ બુદ્ધિમાન, સુંદર ઉરુવીના પ્રેમમાં પડે છે. પરંતુ ઉરુવીને કર્ણની દુર્યોધન સાથેની મિત્રતા જરાય ગમતી નથી. કારણ કે તે પાંડવો અને ભીષ્મ પિતામહની વચ્ચે ઊછરેલી આચારસંહિતાવાળી છોકરી છે. જ્યારે દુર્યોધન અધર્મનો રસ્તે જવાવાળો રાજવી છે. આ ધર્મ-અધર્મની અસમંજસ વચ્ચે ઉરુવી મૂંઝાય છે.

દ્રોપદીના વસ્ત્રહરણ પ્રસંગની ઉરુવીને જાણ થાય છે ત્યારે એના માટે સ્વીકારવું અસહ્ય હોય છે કે કર્ણ પણ આવા અધમ કાર્યમાં ભાગીદાર હોય. કર્ણ એને સમજાવે છે, કહે છે - "I was wrong, I acted unethically and I sinned so help me". એ સ્વીકારે છે, જાણે છે કે જે થયું તે ધર્મની વિરુદ્ધ હતું. પરંતુ દુર્યોધન હશે, ત્યાં કર્ણ હશે જ. દુર્યોધન સાથેની એની નિષ્ઠ અસામાન્ય છે. પરંતુ ઉરુવી એ સમજી શકતી નથી અને ગર્ભવતી હોવા છતાં તે કર્ણને છોડી પુકેયા જતી રહે છે.

પુત્રજન્મ (વૃષકેતુ) પછી ઉરુવી માટે કર્ણ વગર જીવવું

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 76668881


અશક્ય છે. કર્ણ એને સમજાવી અંગ રાજ્યમાં પાછી લાવે છે. પરંતુ, કર્ણની દુર્યોધન સાથેની મિત્રતા અંગેનો ઉરુવીનો વિરોધ યથાવત્ છે. ઉરુવીના બધા જ વિરોધોનો, પ્રશ્નોના કર્ણ ધીરજથી જવાબ આપે છે, જેમાં દુર્યોધન માટેની ભારોભાર લાગણી વ્યક્ત થાય છે. કર્ણની નજરે દુર્યોધનની સારપ વિશે કદાચ પહેલી વાર આટલું લખાયું હશે. જે દુર્યોધનના પાત્રની ઊજાળી બાજુ રજૂ કરે છે.

એ સિવાય ઉરુવી-દ્રોપદી વચ્ચેના સંવાદો, ઉરુવી-કુંતીના સંવાદો, ઉરુવીનો ભાનુમતી (દુર્યોધનની પત્ની) સાથેનો વાર્તાલાપ, ઉરુવી-વૃશાલી વચ્ચેના સંવાદો રસપ્રદ છે. આ સંવાદો મહાભારતમાં યુદ્ધના સમયે સ્ત્રીઓની મનઃસ્થિતિ કેવી હતી એ દર્શાવે છે. કુંતી અને ઉરુવીના સંબંધો મા-દીકરી જેવા, પણ જ્યારે ઉરુવીને ખબર પડે છે કે કર્ણની સાચી મા કુંતી જ છે અને સમાજની શરમના કારણે કર્ણને તેમણે સ્વીકાર્યો નહિ, ત્યારે કુંતી માટેનો આદર-પ્રેમ કડવાશમાં પરિણમે છે, જે છેલ્લે સુધી રહે છે.

છેલ્લે યુદ્ધમાં બધું જ નાશ પામે છે, કર્ણ પણ.... પાંડવોને સત્યની જાણ થાય છે ત્યારે તેઓ ઉરુવી-વૃષકેતુને સ્વીકારવા તૈયાર છે. પરંતુ ઉરુવી કર્ણને આપેલા વચન પ્રમાણે એના કુટુંબની જવાબદારી સંભાળે છે. પણ કૃષ્ણના અતિઆગ્રહથી, વૃષકેતુ અર્જુન અને કૃષ્ણના હાથ નીચે તૈયાર થાય એ માટે સંમતિ આપે છે અને વૃષકેતુ એક મહાન યોદ્ધો બને છે. કહેવાય છે કે વૃષકેતુ એ આ પૃથ્વી પરનો એવો અંતિમ યોદ્ધો હતો જેને બ્રહ્માસ્ત્ર વાપરતા આવડતું હતું.

ભીષ્મ પિતામહ પાસેથી કર્ણજન્મ વિષે સત્ય જાણ્યા પછી દુર્યોધન ઉરુવીને મળવા જાય છે. એક અહંકારી, દુરાચારી રાજાને આમ રડતો, ભાંગી પડેલો જોવા ઉરુવી તૈયાર નહોતી. એ જુદો લાગતો હતો, બિલકુલ નિસહાય, લાચાર, દુઃખી. કર્ણને ગુમાવ્યાનું દુઃખ અસહ્ય હતું. ઉરુવીને એ કહે છે, ''તેં શા માટે સત્ય ના કહ્યું? મને સત્યની જાણ હોત તો મેં ક્યારેય કર્ણને પાંડવો સાથે લડવા ના મોકલ્યો હતો !'' ઉરુવી માટે દુર્યોધનનું આ રૂપ અણધાર્યું હતું. આ સમયે બંને માટે આત્મજન ગુમાવ્યાની વ્યથા અસહ્ય હતી અને કદાચ એટલે જ ઉરુવી પણ દુર્યોધનને સમજી શકી અને માફ પણ કરી શકી.

**"Karna's wife - The Outcast's Queen"** - એ ઉરુવીના **point of view** થી લખાયેલી વાર્તા છે. એ કર્ણને દોરનાર, સલાહ આપનાર તથા તેનો મુખ્ય આધાર બની શકે છે. કવિતા કાણેની આ પહેલી અને અચૂક વાંચવા જેવી નવલકથા છે.

**- હીરલ સવાઈ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

"**Karna's wife - The Outcast's Queen**",
Rupa Publication India P. Ltd., 7/16,
Ansari Rd., Daryaganji, New Delhi-110002.


**પરબ દ્વારા ગૃહઉદ્યોગ કરતી બહેનોને આપણી જ્ઞાતિની બહેનોને પ્રોત્સાહન આપો જૈન, સ્વચ્છ, સારી ક્વાલીટીના માલ માટે સંપર્ક કરો :**

૧) ભારતીબેન દંડ (મુલુંડ) :
માવાના પેંડા, ગરમ મસાલો, દંતમંજન (જૈન) - 9820730269
૨) લીલાબેન ખોના (ડોંબીવલી) :
ખીચીયા પાપડ, સુકવણી. ડોંબીવલી -
0241-2485626 મો.: 9819120302
(પેકીંગ, ગુણવત્તા અને હોમ મેડ પ્રોડક્ટ માટે ગયા વરસે બંન્ને બહેનોને ઈનામ મળેલા.)
૩) મધુબેન મોતા :
મુખવાસ, પાન મસાલા - 9833168740

**મસાલા :**
૧) ચેતના ગૃહ ઉદ્યોગ (ડોંબીવલી) :
તેજલ ધરમશી - 98705 39997
૨) ભાવનાબેન કિરણ ધુલ્લા (માલાડ) - 9833698655
૩) સુશીલાબેન લાલકા / પ્રભાબેન લોડાયા (મસ્જિદ) :
મસાલા / અથાણા - 9820685080, 7738922968
૪) કુસુમ ધુલ્લા (માલાડ) - 9969534184, 022-28803495
૫) મધુરીબેન લોડાયા (મસ્જિદ) :
મસાલા / મિઠાઈ - 9324107467, 9920470485

**ચાટ, થેપલા, કેટરીંગ માટે :**
મીના મોમાયા (ઘાટકોપર)
માલાબેન (ડોંબીવલી) - 9220777542
કાજલ (ઘાટકોપર) - 7303593193
રૂચી શાહ - 022-21028187, 9930038665



## શ્રી ભલારા દાદા ટ્રસ્ટ

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. લાલપર
**ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮ ● ૮૩૪૭૧૨૪૭૭૯**

અમારી સંસ્થા સાથે છેલ્લા ઘણા વર્ષોથી સાંકળાયેલા અને સ્વેચ્છાએ કામ કરી રહેલા **ભાઈશ્રી વિરભદ્ર એમ. ગાલા** રાજીખુશીથી છુટા થયેલ છે તેની નોંધ લેવી. એમની જગ્યાએ **ભાઈશ્રી નવિનભાઈ વિશનજી દંડ** (ગામ : લાલાવાળા) ફોન નં. **૮૩૪૭૧૨૪૭૭૯** પર સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

**લિ. ટ્રસ્ટીઓ**

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

કચ્છ એકમ દ્વારા જ્ઞાતિના યુવાનો પરસ્પર સંપર્કમાં આવે અને નવા સંબંધો કેળવાય તેવી ભાવના સાથે સમસ્ત ભારતના કચ્છી દશા ઓસવાલ યુવાનો માટે ગાંધીધામ મુકામે તારીખ ૨૩/૨૪ એપ્રિલ-૨૦૧૬ના ૨ દિવસે માટે ક્રિકેટ ટુર્નામેન્ટ (KCC-2016)નું આયોજન થયું જેમાં સંપૂર્ણ ભારતમાંથી કુલ ૧૩ ટીમો એ ભાગ લીધેલ.

ડોંબીવલીની રામાપીર સ્ટ્રાઈકર ટીમ ચેમ્પિયન બનેલ. રનર્સઅપ ટીમ ભુજ રેન્જર્સ ભુજ બનેલ. મેનઓફ ધ સીરીજ અંકિત પોલડીયા, બેસ્ટ બેસ્ટમેન ધવલ મોતા, બેસ્ટ બોલર દેવ દંડ અને બેસ્ટ ફિલ્ડર નયન લોડાયા રહ્યા. આયોજનને સફળ બનાવવા દાતાશ્રીઓ, યુવા કાર્યકરો મનીષ ખોના, હિતેશ છેડા, મીકીર ખોના, અમિત નાગડા, વિરાજ મૈશેરી, રાહુલ લોડાયા, દિલીપ મોતા અને શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ, શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ (સાર્થક), એકતા મહિલા મંડળ અને ગાંધીધામના સર્વે જ્ઞાતિજનોનો સહકાર મળેલ.

## શ્રી ક.દ.ઓ. જૈને સંઘ પુના

પુના સંઘ દ્વારા માર્ચમાં આયોજિત કાર્યક્રમ 'સ્વભાવ રાશીપે'ની રસપ્રદ રજુઆત શ્રી વિશ્વાસ પટવર્ધન દ્વારા થયેલ જેમાં અલગ અલગ રાશિના વ્યક્તિઓના રાશિપ્રમાણે સ્વભાવનું રસિક વર્ણન વિનોદી રીતે કરાયેલ. શ્રી ખુશાલ મહેશ્વરીની સંકલ્પના અને સંકલન તેમજ કમિટિના સાથ સહકાર કાર્યક્રમ અત્યંત સફળ રહેલ.

## સાંધવ ગામનું સ્નેહ મિલન

સાંધવ ગામનું સ્નેહ મિલન તા. ૩-૪-૨૦૧૬ રવિવારના ભાંડુપ મુકામે રાખવામાં આવેલ. સાંધવ વાસીઓ, નીયાણી બહેનોને સારી સંખ્યામાં પધારેલ. પ.પૂ. સાધ્વી શ્રી જી કનકગુણા શ્રી મ.સા.એ માંગલિક સંભળાવેલ. સંગીતકાર મનોજ કારાણીએ નવકાર મહામંત્રથી શરૂઆત કરેલ. શાંતિનાથ ભગવાન ૧૫૦ વર્ષનું સાર્ધ સાપ્તાહિક મહોત્સવની કેસેટ બતાવવામાં આવે. સાધર્મિક ભક્તિનો લાભ શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર ઘાટકોપર, તથા શ્રી શામજી નરશી દંડ, મુલુંડ એ લાભ લીધેલ.

## સુથરીમાં ૧૭૭મી ધ્વજા નિમિત્તે ૧૧ દિવસનો ઉત્સવ

સુથરીમાં ૧૭૭ની ધ્વજા નિમિત્તે ૧૧ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો છે.

ચૈત્રવદ ૧૪ ગુરૂવાર ૫-૫-૨૦૧૬ કુંભ-દીપક સ્થાપના જવારા રોપણાં.

ચૈત્રી અમાસ શુક્રવાર ૬-૫ના મહાવીર પંચ કલ્યાણક,

ફાગણ સુદ ૧ શનિવાર, ૭-૫ ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણજી પૂજા.

ફાગણ સુદ ૨ રવિવાર ૮-૫ ના શ્રી નવપદ પૂજા.

અક્ષય તૃતીયા  સુદ ૩ સોમવાર ૯-૫ ના મહા પ્રભાવક સિધ્ધ ચક્રપૂજન.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત ૭૬મા સમૂહ લગ્ન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા તા. ૨૩-૦૪-૨૦૧૬ને શનિવારે શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ભાંડુપ મધે ૭૬મા સમૂહ લગ્નનું આયોજન થયું હતું.

અરવિંદ લોડાયાના નેતૃત્વમાં આયોજન કરનાર મહાજનનીને સમૂહ લગ્ન સમિતિને શ્રી ભાંડુપ સંઘના નરેન્દ્ર મોતા, અમિત ડાઘા, ફાલ્ગુન ખોના, વિજલબેન ડાઘા, તેમજ કાંતિભાઈ વિકમશી, કપીશ મોમાયા, ભાવનાબેન મોમાયા, શિતલ નાગડા, કલ્પનાબેન મોતા, દીપા નાગડા, વર્ષા લોડાયા, હેતલ મોતા, હંસા ખોના, વેનિલ નાગડા, સહયોગ પ્રાપ્ત થયો હતો.

દાતાશ્રીઓએ મહાજનશ્રીને આર્થિક સહયોગ આપવા ઉપરાંત નવદંપતિઓને પણ ભેટોથી નવાજ્યા હતા.

- તસવીરો ૧લા પાને

## પરબ દ્વારા રાહત દરે અનાજ-મસાલા વિતરણ

પરબ સંચાલિત શ્રી લખલક્ષ્મી જનસહાયક ફંડ પ્રેરીત અવીરત ૨૧ વર્ષથી ચાલતુ અનાજ તથા મસાલા વિતરણને દર વરસની આ વર્ષે પણ જેન ખુબ પ્રતિસાદ મળયો.

૨૭ ગૃહઉદ્યોગ કરતી બહેનોને નિઃશુલ્ક સ્ટોલ આપીને માર્કેટીંગ કરવાની તક આપવામા આવે છે. જ્ઞાતિ તથા અન્ય જ્ઞાતિજનોએ ખરેદી કરીને સ્ટોલધારક બહેનોને પ્રોત્સાહન આપીને ઉલ્લાસ વધાર્યો. કેટરીંગની વ્યવસ્થા પણ જ્ઞાતિની બહેનોએ ખુબ ભાવપૂર્ણ કરી હતી.

- તસવીરો ૧લા પાને

ફાગણ સુદ ૪ મંગળવાર ૧૦-૫ના અઢાર અભિષેક,

ફાગણ સુદ ૫ તા. ૧૧-૫ ના પરમાત્માની રથયાત્રા વિધાન પાટલા પૂજન.

ફાગણ સુદ ૬ ૧૨-૫ ના મહાપ્રભાવક શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન.

ફાગણ સુદ ૭ શુક્રવાર તા. ૧૩-૫ ના શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર સ્તવન સંવદેન.

ફાગણ સુદ ૮ શનિવાર, તા. ૧૪-૫ ના શ્રી ધ્વજા મહોત્સવ તથા બૃહદ અષ્ટોતરી શાંત સ્નાત્ર મહાપૂજન.

ફાગણ સુદ ૯ તા. ૧૫-૫-૨૦૧૬ના સવારે જિનમંદિર દ્વાર ઉદ્‌ઘાટન આદિ કાર્યક્રમો યોજાશે.

મહોત્સવ દરમિયાન રોજ રાતે પ્રભુ ભક્તિ યોજાશે.

## કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ, મુંબઈ

કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબના ૨૬ સભ્યો તા. ૨૦-૩-૨૦૧૬ થી ૨-૪-૨૦૧૬ - ૧૪ દિવસના હિમાચલ પ્રદેશના પ્રવાસે ગયા હતા. પ્રવાસીઓએ અમૃતસરમાં જૈન દેરાસર અને સુવર્ણ મંદીર, જલીંયાવાલા બાગદા, વાઘા બૉર્ડર પરેડની મુલાકાત લીધી.

ડેલહાઉસીમાં ખાજીયારના મેઘનની મુલાકાત લીધી. કાંગડાજીમાં પ્રાચીન સુંદર દેરાસરમાં દર્શન પૂજા કરી ધરમશાળાના મોટા બુધ્ધ મંદીર, ચામુંડા મંદિર અને વૈજનાથ મંદીરમાં દર્શન કરી મનાલી પહોંચ્યા. હિડીંબા મંદીર, વસિષ્ઠ સ્થળ અને શાલ બનાવતી ફેક્ટરી, સ્નો પૉઈન્ટ, કુકરી ગામ, બરફ મેદાન, ઘોડેસવારી કરી, પ્રખ્યાત મૉલની મુલાકાત લીધી.

ચંદીગઢમાં પ્રખ્યાત પિન્જોર ગાર્ડનમાં ફર્યા. પ્રવાસ દરમિયાન શ્રીમતી જમકુબેન ગોવિંદજી ખોના માનદમંત્રી દરરોજ સવારે ધાર્મિક સ્તવનો અને સાંજના હાઉઝી ગેમ્સ રમાડતા હતા. ટુરનું સંચાલન શ્રી જયંતભાઈ શેઠીયાએ સારી રીતે કર્યું હતું.

## મસ્જિદબંદર જૈન સંઘમાં શાશ્વતી આયંબીલ ઓળી

મસ્જિદ બંદર જૈન સંઘમાં પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા. ઠાણા-૨ની શુભ નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળી તા. ૧૩-૪ થી ૨૧-૦૪-૨૦૧૬ નવ દિવસ રૂડી રીતે સંપન્ન થઈ. દરરોજ પૂજ્યશ્રીની રસાળ શૈલીમાં નવપદ રહસ્ય સાથે સિધ્ધચક્રની યંત્ર સહિત આરાધના થઈ.

નવ દિવસના આયંબીલ તથા પારણા દાતા પરિવારના સંગાથે થયા. પ્રભુ વીરના જન્મકલ્યાણકે ભવ્ય સ્નાત્ર મહોત્સવનું આયોજન થયું. ચૈત્રી પૂનમના ૧૦૮ ખમાસમણા સાથે શત્રુંજય ભાવયાત્રા થઈ.

## જખૌમાં મહાવીર જયંતિની ઉજવણી

જખૌમાં તા. ૧૯-૪-૨૦૧૬ના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણની ઉજવણી થઈ હતી. તે નિમિત્તે સવારના મહાવીરસ્વામીની પ્રતિમા રથમાં લઈ વાજતે ગાજતે ગામની પ્રદક્ષિણા થયેલ. રથના લાભાર્થી હીરાચંદ શામજી મોમાયા, બપોરના સ્વામી વાત્સલ્ય પછી શ્રી મહાવીર પંચ કલ્યાણની પૂજા ભણાવવામાં આવેલ પૂજાના દાતા મા.શ્રી. જેઠીબાઈ ટોકરશી લાલકા હતા. મુંબઈથી ભાવિકોની સારી સંખ્યામાં હાજરી રહેલ હતી.

## ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

ક.દ.ઓ. વેલ્ફેર એસોસીએશન સંચાલીત ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનામાં વર્ષ ૨૦૧૫-૨૦૧૬ દરમ્યાન ૨૦૮નવા સભ્યો જોડાયા. ૧૯૦ સભ્યો રીટાયર્ડ થયા. ૯ સભ્યો અવસાન પામ્યા જેમના નોમીનીને રૂા. ૭૫૦૦૦/-નું લાભાંશ ચુકવામાં આવ્યું છે. અત્યારસુધી કુલ ૧૦૨૬૯ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે તથા હાલ ૭૪૩૦ સભ્યો છે.

ફક્ત એકજ વખત રૂા. ૨૦૦/- સભ્યપદ ફી તથા રૂા. ૨૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ (બોનસ સહિત) ભરીને ૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજનો મેમ્બર થઈ શકે છે. ૫૫ વર્ષની વય પહેલા મેમ્બરનું અવસાન થતા વારસદારને રૂા. ૭૫,૦૦૦/- આપવામાં આવે છે તથા અકસ્માતે અવસાન થતા વધારાના રૂા. ૭૫,૦૦૦/- અપવામાં આપે છે. અન્યથા ૫૫ વર્ષની વય પછી ૧૦૦% સુધી બોનસ સાથે ડીપોઝીટની રકમ પરત કરવામાં આપવે છે.

ફોર્મ તથા માહિતી માટે સંપર્ક : દીપક ગંગાજર ડાઘા - 087677 53082, કાંતિલાલ લખમશી વિકમશી - 098330 68881, શરદ હેમરાજ મોમાયા - 09448116002, સતિષ પ્રવિણચંદ્ર લુઠીયા - 098452 58214, કિશોર ગોવિંદજી કાયાણી - 098691 43799, ઈમેલ - kdosss@yahoo.com, વોટ્સએપ - 087677 53082

## ભાવના મંડલ જલગામ

ભાવના મંડલ જલગામમાં નવકાર મહામંત્રના જાપ સૌ. સરલાબેન ગોસરના ઘરે કરવામાં આવેલ બાદ સૌ નવલબેન લાપશિયાને ૭૫ વરસ થયા માટે એમના બર્થ ડે નિમિત્તે શાલ ઓઢાડી ભેટ આપવામાં આવી હતી અને તેમણે પણ મંડળને ભેટ આપી હતી. સૌ. સરલાબેન ગોસર તરફથી ગેમ્સમા પ્રથમ સૌ. મધુબેન મોતા, સૌ. પ્રભાબેન સતરા થયા હતા. અધ્યક્ષ શ્રીમતી વિજયા બેન શહા ઉપાધ્યક્ષ સૌ. કાશ્મીરા લોડાયા, સૌ. જયાબેન મોમાયા, સૌ. ટીનાબેન પોલડીયા, સૌ. નલિની મોમાયા, સૌ. દક્ષા મોમાયા, શ્રીમતી તારાબેન લોડાયા,

સૌ. મધુબેન મોતા, સૌ. નવલબેન લાપશિયા, સૌ. પ્રભાબેન સતરા ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલા મંચ જલગામ

મહિલા મંચ જલગામની મિટિંગમાં પ્રભુજીના આંગિ ફોટોની ઉપર આંગિ રચવાની હરિફાઈ લેવામાં આવી હતી તેમાં નિર્ણાયક જજ શ્રીમતી વિજયાબેન શહા હતાં આંગિ ખૂબ સુંદર રીતે શણગારવામાં આવી હતી. તેમાં પ્રથમ સૌ નેહલ મોતા, દ્વિતીય સૌ. રિના મૈશેરી, તૃતિય સૌ. માલતિ મૈશેરી કોનસોલેશન ચિ. ઉર્જા લોડાયા થયા.

નારી તું નારાયણી એવોર્ડ મેળવનારા સૌ. શૈલા લોડાયા અને સૌ. ચેતના મોમાયાનું  તેમજ વરસી તપના તપસ્વીનું બહુમાન ચિઠ્ઠીમાં નિકળ્યા નામ મુજબ સૌ. ટીનાબેન પોલડીયા, સૌ. ખૂશૂમતીબેન નવીન ખોના, સૌ. માલતિ મૈશેરી, સૌ. મિના મોમાયાના હસ્તે કરવામાં આવ્યું નારી તું નારાયણીના વિજેતાઓએ પોતાના સુંદર અનુભવ વિશે વાત કરી સૌનું બહુમાન ચાંદીના સિક્કા તથા શ્રીફળ આપી કરવામાં આવ્યું. સૌ. ભારતી લોડાયા, સૌ. ભારતી ખોના, સૌ. મોહિની લોડાયા, સૌ. શિલ્પા છેડા, સૌ. દક્ષા લાપશિયા, સૌ. ભાવના ગાલા તરફથી અપાયેલા ધાર્મિક પેપરમાં પ્રથમ સૌ. ખૂશૂમતી ખોના, સૌ. ટીનાબેન પોલડીયા સેક્રેટરી, સૌ. મધૂ મોતા ખજાનચી, સૌ. ગીતા દંડ કારોબારી સમિતિના સૌ. સ્વાતિ લોડાયા, સૌ. લતીકા ગાલાએ જહેમત ઉઠાવી હતી.

## અનંતસિધ્ધિ ભાંડુપ સંકુલમાં વિવિધ ધાર્મિક આરાધના

ભાંડુપ અનંતસિધ્ધિના સંરક્ષણકર્તા ક્ષેત્રપાલ દાદાની સમૂહ પહેડી કરતાં ૬૦૦ ભાવીકોએ કોળીયા પ્રસાદનો લાભ લીધો. સંકુલની કુમારીકાઓએ વિવિધ પ્રકારના માથે થાળ ધરી પરીસરમાં પ્રદક્ષિણા આપી. ઢોલ શરણાઈના નાદે શ્રી કીરીટ લોડાયાએ આરતી ગવડાવી. શ્રી યોગેશ પટેલે જાત મહેનતે પહેડી પ્રસંગને ઓપ આપ્યો.

ચૈઈતર માસની શાશ્વતી ઓળીની આરાધના પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાઓની નિશ્રામાં થઈ. પૂ.સા.શ્રી. વંદનગુણાશ્રીજી મ.સા.એ શ્રીપાળ જાયણાના રાશની વાતોનું તત્ત્વ તાર્કિક અર્થે સમજાવી વાંચ્યું. પૂ.સા. શ્રી કૃતાર્થગુણાશ્રીજી મ.સા. નવપદનું મહત્વ સમજાવી નવપદન ઉપાસના કરાવી.

સંપૂર્ણ ઓળીનો લાભ સાંધવના સંઘમાતા માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા પરિવારે લીધો નિત્ય ૨૨ આરાધકોએ નવપદની ઓળી કરી કુલ ૨૨૫ આયંબીલ થયા. સભ્યો પધારી પીરસી. પ્રભાવના કરી ઉમળકે લાભ લેતા શ્રી સંઘે લાભાર્થી પરિવારનું શાલ, શ્રીફળ અને માળાએ બહુમાન કર્યું.

અચલગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરી મ.સા.ના ૫૦મા વરસી તપની અનુમોદનર્થે અત્યારે ૧૨ આરાધકો વરસી તપે તપી રહ્યા છે.

ચૈત્રી પૂનમના દિવસે પૂ. ગુરૂદેવોની પાવન નિશ્રામાં નૂતન હોલમાં શત્રુંજય તીર્થ પટ્ટ સમક્ષ ૧૦૬, ખમાસણા. આરાધના અને ઉપાસનામાં સંખ્યા બંધ ભાવિકો જોડાયા. માતુશ્રી રતનબેન હિરાલાલ લોડાયા હ. કેતુલભાઈ તરફથી ભાથું અપાયું.

દાદા દરબારે હર પૂનમના ભાવિકોને ચિ. પારસના જન્મ દિવસે અ.સૌ. તરલાબેને લહેરચંદ મૈશેરી -લાલા વાલા તરફથી બુંદી-સેવની પ્રભાવના થઈ.

નવકાર મંત્રનો ૨૮મો મણકોનો લાભ એક સદગૃહસ્થ તરફથી નવકાર આરાધક શ્રી જયંતભાઈ રાહીના સોની સાનિધ્યે પૂર્ણ થયો.

અખીલ ભાંડુપ જૈન સંઘના બાર - સંઘોએ સાથે મળી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ભારી ઉલ્લાસે ઉજવયો. નિરવ મોતાના દિગદર્શકિ પાઠશાળાના બાળકોએ મનભાવન સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી શ્રેષ્ઠ પારિતોષિક મેળવ્યા. સ્વામી વાત્સલ્યમાં ૨૬૦૦ ભાવિકાએ લાભ લીધો.

## અનંતનાથ કોમ્પલેક્સ (કાંજુરમાર્ગ)

અનંતનાથ કોમ્પલેક્સમાં ચૈત્રમાસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાતના મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી. ચૈત્ર માસની શાસ્વતી આયંબીલની ઓળી કરાવવામાં આવી હતી. ઓળીના લાભાર્થીઓએ નવ દિવસની અલગ અલગ લાભ લીધેલ હતો.

ચંદનબેન ધનજી મૈશેરી (ઘાટકોપર), રાયશી રતનશી મોમાયા (કાંજુરમાર્ગ), પુષ્પાબાઈ પદમશી સાયલા (મુલુંડ), સ્વ. જેઠાભાઈ વસનજી માયા (વિક્રોલી), શા. દિલીપ દામજી લોડાયા (કાંજુરમાર્ગ), ચિ. ભાવીક, ભુવન, દિપક સાયલા (મુલુંડ), સ્વ. વસનજી માયા (વિક્રોલી), હંસકુમાર હીરાચંદ દૌલત (પરેલ), માતુશ્રી ચંદનબેન કાંતિલાલ દૌલત (કાંજુરમાર્ગ), માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (મુલુંડ).

આયંબીલની વ્યવસ્થા ઉપાશ્રય તથા પ્રતાપ મુલજી પીરના ઘરે રાખેલ હતી. આયોજન અનંતનાથજી મહિલા મંડળ (કાંજુરમાર્ગ)એ કરેલું હતું.

## પાસ થયા અભિનંદન

**કુ. પુજા હર્ષદ લાપસિયા** (નાંદેડ) શ્રી ગુરુ ગોવિંદસીંઘ કૉલેજ ઑફ ઈંજિનિયરિંગ ઍન્ડ ટેક્નોલજી નાંદેડ થી M.Tech ઈન કમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈંજિનિયરિંગના 3rd સેમિસ્ટરમાં **90.9%** (CGA 9.09) માર્ક્સ સાથે પાસ થયેલ છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી**
(PS 7238) T : 0253-2473072
અનંત આરોગ્ય નિધી, સનાતોરી સૌભાગ્ય નગર, ઓફ લામ રોડ, નાકા નં. ૬ પાસે, દેવલાલી, નાસિક - ૪૨૨ ૪૦૧.

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી**
(PS 7232) T : 0253-2473072
અનંત આરોગ્ય નિધી ટ્રસ્ટ, સનાતોરી આનંદ મોહિની સો. સામે, વિહિતગાંવ, સૌભાગ્ય નગર, નાસિક રોડ, નાસિક - ૪૨૨ ૪૦૧.

**લહેરચંદ ટી. લોડાયા**
(PS 5390)
૩-૪-૧૯ અને ૩-૪-૧૯/૧, ફ્લેટ નં. ૨૦૧, બી બ્લોક, એચએસઆર ડૉ. ભૂમન્ના એન્ક્લેવ, ડૉ. ભૂમન્ના લેન, બરકતપુરા, હૈદરાબાદ, તેલંગાના

**પ્રમેશ એચ. દંડ**
(PS 1727)
૬૦૨, હોરીઝોન પર્લ, સાસ્થા સી, ગણેશ ગાવડે ક્રૉસ રોડ, જુના પ્રગતી હોસ્પીટલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**રિતેશ જે. લોડાયા**
(PS 3235) 9322277220 / 9920877220
ફ્લેટ નં. ૩, એ વીંગ, ન્યુ આદર્શવિલા કૉમ્પ્લેક્સ, અંધેરી બસ સ્ટૉપ પાસે, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**ભાવેશ એન. વોરા**
(PS 7251) 9833639717
૭-બી, ફ્લેટ નં. ૨૦૪, કુકરેજા કોમ્પ્લેક્સ, એલબીએસ રોડ, જૈન મંદિર સામે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૨-૧૬ | ભિલાઈ | ધ્રુવંશ, રૂપલ અંકિત દંડ | મંજલ રેલડીયા | પુત્ર |
| ૦૧-૦૪-૧૬ | યુએસએ | અનય, માસુમી મિહિર સોમચંદ ધરમશી | સુથરી | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૪-૧૬ | રામપુર | ધવલ મહેન્દ્રભાઈ પાનાચંદ લોડાયા | તેરા | ૨૯ |
| | વેરાવલ | રૂહી મોનજ શ્રીવાસ્તવ | વેરાવલ | ૨૬ |
| ૨૫-૦૪-૧૬ | હૈદરાબાદ | કૌશિક માવજી નેણશી ગાલા | ઉનરોઠ | ૩૨ |
| | હૈદરાબાદ | ઈશિતા જવેરચંદ કુંવરજી મૈશેરી | બાંઢિયા | ૩૦ |
| ૨૫-૦૪-૧૬ | થાણે | અભિષેક કૌશિક પટોળાવાલા | પાટણ | ૩૫ |
| | થાણે | પાયલ હરીશ મેઘજી લોડાયા | વરાડીયા | ૩૩ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૩-૧૬ | અંકલેશ્વર | આશિષ રમેશ શામજી લોડાયા | તેરા | ૨૬ |
| | અમદાવાદ | કૃતિકા મણીકાંત ભાણજી મૈશેરી | બાંઢિયા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૧-૧૬ | બડગરા | કપિલ કાંતિલાલ નરશી દંડ | લાલા | ૩૦ |
| | અંકલેશ્વર | ગ્રીષ્મા કમલેશ માણેકજી દંડ | તેરા | ૨૭ |
| ૧૨-૦૨-૧૬ | ધામનોદ | નિતિન લોકેન્દ્ર નરશી દંડ | પરજાઉ | ૨૭ |
| | ગુર્જરી | નિધી રાધેશ્યામ લધા અગ્રવાલ | બેસલના | ૨૫ |
| ૦૪-૦૪-૧૬ | હૈદરાબાદ | દિપેશ લલિતકુમાર ટોકરશી લોડાયા | રાપર | ૨૪ |
| | જાલના | કૃતિકા કિશોર ઠાકર મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૪-૧૬ | ડોમ્બીવલી | નવલબેન ભાઈચંદ લાલજી ધરમશી | રંગપુર | ૭૧ |
| ૨૫-૦૪-૧૬ | નાગપુર | લક્ષ્મીચંદ વેલજી લોડાયા | સાંયરા | ૮૪ |
| ૨૫-૦૪-૧૬ | છનેરા | શાંતીલાલ ઠાકરશી નાગડા | નલીયા | ૫૨ |
| ૨૬-૦૪-૧૬ | ચુનાભટ્ટી | ધનપતી માણેકજી લોડાયા | સાંયરા | ૬૬ |
| ૨૬-૦૪-૧૬ | અંકલેશ્વર | ચંદનબેન ઠાકરશી પોલડીયા | ડુમરા | ૮૦ |
| ૨૯-૦૪-૧૬ | બાગલકોટ | પદમકુમાર તેજપાર મોતા | તેરા | ૬૫ |

# શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : 022-25063449

શાળા તથા કોલેજ વિભાગ :

**(કે.ડી.ઓ. છાત્રાઓને નિશુ:લ્ક રહેવા-જમવાની સગવડ પ્રાપ્ત છે)**

**અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ : ૩૦ મે ૨૦૧૬**

**નોંધ : તા. ૩૦/૦૫/૨૦૧૬ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

**કે.ડી.ઓ. જ્ઞાતિની છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : ૧૨મી જુન ૨૦૧૬**

**સમય :**

**જૂની છાત્રાઓ માટે :** ૧૦.૩૦ થી ૧.૦૦ કલાકે | **નવી છાત્રાઓ માટે :** બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે

ઘાટકોપર ખાતે છાત્રાલયમાં ઈન્ટરવ્યૂ સમયે માતા અથવા પિતા સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીજલ્ટ મળતા તેની ઝેરોક્ષ છાત્રાલયની ઓફિસમાં આપાવાની રહેશે.

**અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ : શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : 022-2510 0157 / 2513 3174

**ગુરૂવાર થી મંગળવાર દરમ્યાન સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન**

અરજીફોર્મ Website Add : **www.kdoedu.in** પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**વિમળાબેન ગોસર** (પ્રમુખ) **લીલાબેન શાહ** (ઉપપ્રમુખ) **લીલાબેન લાપસીયા** (માનદમંત્રી)

---

॥ શ્રી મહાવીર સ્વામીને નમ: ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમ: ॥ ॥ શ્રી આદીનાથાય નમ: ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

## <u>વિશેષ સામાન્ય સભા</u>

તા. ૨૫/૦૪/૨૦૧૬

પ્રતિ,
જખૌ મહાજન સભ્યો જોગ,

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની વિશેષ સામાન્ય સભા રવિવાર તા. ૨૨/૦૫/૨૦૧૬, બપોરના ૩.૦૦ કલાકે, શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વ) ખાતે બોલાવવામાં આવેલ છે.

**<u>એજન્ડા</u>**

૧. મહાજનશ્રી ના બંધારણમાં થયેલ સુધારા વધારા ને બહાલી આપી નવું બંધારણ અમલમાં લાવવા બાબત.

**નોંધ :** ૧) કોરમ ના અભાવે મુલતવિ રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે જે માટે કોરમ ની જરૂર રહેશે નહી તથા એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાશે જેનો નિર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.
૨) બંધારણ તા. ૦૭/૦૫/૨૦૧૬ થી તા. ૧૮/૦૫/૨૦૧૬ સુધી નીચે ના સ્થળે બપોરે ૨ થી ૫ જોવા માટે મળસે.
અ : કેશરસીંહ ખોના, એ-૮, ગૌરવ એનેક્ષ, જ્યુપીટર હોલ ની નીચે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ)
બ : ભરત જીવાણી, ૨૦૧, તોરલ, શાસ્ત્રી નગર, ડોંબિવલી (વેસ્ટ)
ક : શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરજી જખૌ - કચ્છ તા. અબડાસા.

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

**શ્રી કેશરસીંહ આણંદજી ખોના** **શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા**

**માનદ્ મંત્રીઓ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# સિસિલીનું પૌરાણિક પાટનગર : પાલેર્મો

**જોતાં છક થઈ જવાય એવાં અદ્દભુત પર્યટન સ્થળો માણવાં હોય તો પાલેર્મો જતું પડે. અહીંનાં સ્થાપત્યોમાં પરંપરાગત શૈલીની ઝલક માણવી રસપ્રદ બની રહે છે.**



ઈટાલીને માણવા એની એક મુલાકાત પૂરતી નથી. રોમ, ફ્લોરેન્સ કે મિલાન જેવાં અતિ પ્રસિદ્ધ શહેરો ઉપરાંત ઈટાલી પાસે અઢળક ખજાનો છે. સ્થાનિક લોકો જેને સિસિલિયા તરીકે ઓળખે છે તે સિસિલી ઈટાલી દેશનો એક ટાપુ છે. સિસિલી ટાપુ પર અનેક સુંદર શહેરો આવેલાં છે. અમે સિસિલીની ઐતિહાસિક પાટનગર પાલેર્મોથી સિસિલીની સફર શરૂ કરી.



ઈસુથી ૭૩૪ વર્ષ પહેલાં આ શહેરની સ્થાપના થઈ હતી. નોર્મન, બાયઝેન્ટાઈન, ગ્રીક, આરબ વગેરે જેમણે સિસિલી પર રાજ કર્યું છે, એ બધાની અસર અહીંના સ્થાપત્યમાં દેખાય છે.



શહેર નવું અને જૂનું એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. ઐતિહાસિક સ્મારકો જૂના ભાગમાં આવેલા છે જ્યારે વિશાળ રસ્તા અને આધુનિક મકાનોને કારણે નવું પાલેર્મો જૂનાથી અલગ તરી આવે છે. જૂના શહેરને પગપાળા વધુ સારી રીતે માણી શકાય છે. પાલેર્મોના હાર્દમાં વોકિંગ ટૂર પણ લઈ શકાય છે જેમાં ગાઈડ દ્વારા અપાતી માહિતીનો લાભ મળે છે. અમારી હોટેલમાંથી મળેલો નકશો લઈ અમે નવા શહેરનો ધબકાર અનુભવતાં, એનાં રસ્તાઓનો ખ્યાલ કરતાં, ચોકમાં ખુરશીઓની બિછાત બિછાવીને બેઠેલાં નાના નાના કાફેમાં સંતરાના રસ કે કૉફીની લિજ્જત માણતાં અને શહેરના સ્થાપત્યનું નિરીક્ષણ કરતાં ટહેલવા લાગ્યાં.

આ શહેરમાં ઘૂમતા ક્યાંક રમ્ય શિલ્પ જોવા મળી જાય છે. પિત્ઝા પ્રેટોરિયા ચોકને એક ફુવારાની આજુબાજુ નગ્ન અપ્સરાઓને ગોઠવીને શણગારવામાં આવ્યો છે. આ મનોહર કલાકૃતિનો નજીકમાં આવેલા ચર્ચમાં જતા લોકોએ વિરોધ કરેલો.

બાઝેન્ટાઈન અને નોર્મનોએ બાંધેલા સુંદર ચર્ચ પાલેર્મોનું મુખ્ય આકર્ષણ છે આઠમી સદીમાં બંધાયેલું ભવ્ય પાલેર્મો કેથેડ્રલ નોર્મન, બાઝેન્ટાઈન અને બરોક સ્થાપત્ય કલાઓના સંગમ જેવું છે. એની અંદર રાજવી પરિવારના સભ્યોની કબરો છે. હાલમાં પાર્લામેન્ટ તરીકે વપરાતી આ ભવન રિયલ ઉમરાવોના રહેવા માટે ઉપયોગમાં લેવાતું.

કેથેડ્રલમાં આવેલા ચેપલમાંનું મોઝેઈક કામ વખણાય છે. ચેપલના દરવાજા લાકડાંની ઉત્તમ નકશીથી શોભાયમાન છે અને ચેપલમાંથી સોનેરી મોઝેઈકની સુંદર કારીગરી ઑલ્ટર પરની મીણબત્તીઓના પ્રકાશમાં દેદીપ્યમાન લાગે છે.

– અનુસંધાન ૨૦મા પાને

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,